*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણ મૂલો ધમ્મો

આત્મ ધર્મ

આત્માર્થીના વાત્સલ્ય દેવગુરુધર્મની સેવા

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી

વર્ષ ૨૨ઃ અંક ૧૧ઃ વીર સં. ૨૪૯૧, ભાદરવોઃ Sept. 1965

# સ્થિ....તિ...ક...ર...ણ

"અહો, આવો પવિત્ર જૈનધર્મ! આવો અપૂર્વ માર્ગ! પૂર્વે કદી નહિ આરાધેલો આવો મોક્ષમાર્ગ! તેને સાધીને હવે મોક્ષમાં જવાના ટાણાં આવ્યા છે....તો આત્માર્થીને તેમાં પ્રમાદ કે અનુત્સાહ કેમ હોય? ઘોરાતિઘોર ઉપદ્રવમાં પણ પૂર્વે અનેક સંતો મોક્ષમાર્ગથી ડગ્યા નથી, અડગપણે આત્માના અવલંબને મોક્ષમાર્ગમાં ટકી રહ્યો છે.... ને મારે પણ એમનું જ અનુકરણ કરીને આત્માને મોક્ષમાર્ગે લઈ જવાનો છે.... સંસારના ઘોરાતિઘોર દુઃખોથી હવે આ આત્માને બસ થાઓ...." આમ મોક્ષમાર્ગમાં સંવેગ અને સંસારથી નિર્વેદ વગેરે અનેક પ્રકારે આત્માને ઉત્સાહ જગાડીને, મોક્ષમાર્ગનો મહિમા પ્રસિદ્ધ કરીને સમકિતી પોતાના આત્માને તેમજ બીજાના આત્માને મોક્ષમાર્ગમાં દ્રઢપણે સ્થિર કરે છે, એનું નામ સ્થિતિકરણ છે.

ધર્માત્મા પોતાના આત્માને મોક્ષમાર્ગથી ચ્યુત થવા દેતા નથી, તેમ બીજા સાધર્મીને કદાચિત મોક્ષમાર્ગ પ્રત્યે નિરૂત્સાહી થઈને ડગતો દેખે, તો તેને ઉપર મુજબ ઉપદેશાદિ વડે તેમજ વાત્સલ્યવડે મોક્ષમાર્ગ પ્રત્યે ઉલ્લાસિત કરીને દ્રઢપણે માર્ગમાં સ્થિર કરે છે; સર્વ પ્રકારે તેના પ્રત્યે વાત્સલ્ય બતાવીને તેને માર્ગ પ્રત્યે ઉત્સાહ જગાડે છે.-આવો સ્થિતિકરણનો ભાવ ધર્મીને સહેજે વર્તે છે.

સ્થિતિકરણ ગુણધારક સન્તોને નમસ્કાર હો.

# રત્નત્રયની આરાધનાનું પર્વ

卐 卐 卐


પર્યુષણપર્વ એટલે રત્નત્રયની આરાધનાનું પર્વ. અહા, રત્નત્રયની આરાધના... જેનું નામ સાંભળતાં પણ દરેક જૈનનું હૃદય ભક્તિથી ઉલ્લસિત થઈ જાય છે. ઉત્તમક્ષમાદિ દશધર્મોની ઉપાસના પણ રત્નત્રયની આરાધનામાં સમાઈ જાય છે. આવા રત્નત્રયની પૂર્ણ આરાધના એ આપણું ઉત્તમ ધ્યેય છે. એ ધ્યેયને જેઓ સાધી રહ્યા છે એવા રત્નત્રયધારી મહાત્માઓના મહિમાની તો શી વાત! એ રત્નત્રયધર્મનું ખરું સ્વરૂપ ઓળખીને, અને એ રત્નત્રયધારી સંતોને ઓળખીને, તેની ભાવનાપૂર્વક તેમના પ્રત્યે પરમ ભક્તિ-બહુમાન-પૂજનાદિરૂપે પ્રવર્તવું તે પણ રત્નત્રયથી ઉપાસનાનો એક પ્રકાર છે, તેમાં રત્નત્રયધર્મને આરાધવાની પોતાની ભાવના પોષાય છે. રત્નત્રયની જયમાલા દ્વારા પણ એ જ ભાવના ભાવવામાં આવે છે.

ચહુંગતિ-ફણિવિષહરન-મણિ, દુઃખપાવક જલધાર,
શિવસુખસુધા-સરોવરી સમ્યક્ત્રયી નિહાર.

(ચારગતિરૂપ જે ફણિધર તેના વિષને હરનાર મણિસમાન, દુઃખરૂપ-અગ્નિને બુઝાવવામાં જળધારાસમાન અને મોક્ષસુખરૂપી અમૃતનું સરોવર એવા આ સમ્યક્રત્નત્રયને ઓળખીને હે જીવ! એની તું આરાધના કર.)


જાપે ધ્યાન સુથિર બન આવે તાકે કરમ બંધ કટ જાવે;
તાસોં શિવતિય પ્રીતિ બઢાવે જો સમ્યક્રત્નત્રય ધ્યાવે.
તાકો ચહુંગતિકે દુઃખ નાંહી, સો ન પરે ભવસાગરમાંહી;
જન્મ-જરા-મૃતુ દોષ મિટાવે, જો સમ્યક્રત્નત્રય ધ્યાવે.
સોઈ દસલક્ષણકો સાધે, સો સોલહકારણ આરાધે;
સો પરમાતમ પદ ઉપજાવે, જો સમ્યક્રત્નત્રય ધ્યાવે.
સોઈ શક્ર-ચક્રીપદ લેઈ, તીનલોકકે સુખ વિલસેઈ,
સો રાગાદિક ભાવ બહાવે, જો સમ્યક્રત્નત્રય ધ્યાવે.
સોઈ લોકાલોક નિહારે, પરમાનંદદશા વિસ્તારે;
આપ તિરે ઔરન તિરવાવૈં; જો સમ્યક્રત્નત્રય ધ્યાવે.

# દસ લક્ષણ ધર્મ




૧. ઉત્તમક્ષમાં જહાં મન હોઈ, અંતર બાહર શત્રુ ન કોઈ;
૨. ઉત્તમ માર્દવ વિનય પ્રકાશે, નાના ભેદ જ્ઞાન સબ ભાસે.
૩. ઉત્તમ આર્જવ કપટ મિટાવે, દુર્ગતિ ત્યાગી સુગતિ ઉપજાવે;
૪. ઉત્તમ શૌચ લોભપરિહારી, સંતોષી ગુન-રતનભંડારી.
૫. ઉત્તમ સત્ય વચન મુખ બોલે, સો પ્રાણી સંસાર ન ડોલે;
૬. ઉત્તમ સંયમ પાલે જ્ઞાતા, નરભવ સફલ કરે લૈ સાતા.
૭. ઉત્તમ તપ નિરવાંછી પાલે, સો નર કરમશત્રુકો ટાલૈ;
૮. ઉત્તમ ત્યાગ કરે જો કોઈ, તા જીવકો-સુર-શિવસુખ હોઈ.
૯. ઉત્તમ આકિંચનવ્રત ધારે, પરમ સમાધિદશા વિસ્તારે;
૧૦. ઉત્તમ બ્રહ્મચર્ય મન લાવે, નર-સુર સહિત મુક્તિફલ પાવે.

કરે કરમકી નિર્જરા, ભાવપિંજરા વિનાશ;
અજર અમરપદકો લહે, 'ધ્યાનત' સુખકી રાશ.



# જ્ઞાની શૂરવીર હોય છે

**પરમાત્મતત્ત્વની ભાવનામાં જગતની પ્રતિકૂળતા કેવી? જેમ સિંહની સામે સસલું આવ્યું તો તે મરવા માટે છે તેમ જ્ઞાની-સાધકની સામે પ્રતિકૂળકર્મો ઉદયમાં આવ્યા તો તે ટળવા માટે છે. કષાયના પ્રસંગે અંદર પરમાત્મતત્ત્વનું ચિંતન કરતાં કષાયો વિરમી જાય છે. માટે હે જીવ! તું બીજી ચિંતા છોડીને સિંહ જેવો થઈ શીઘ્ર જ પરમાત્મતત્ત્વની ભાવનામાં તારા ચિત્તને જોડ.**

## (પરમાત્મપ્રકાશ-પ્રવચન)

સાધકને કદાચિત પૂર્વના પાપઉદયથી અનેક પ્રકારની પ્રતિકૂળતાના દુઃખ આવી પડે તો તેમાં તે પોતાના ધીરસ્વભાવને છોડતા નથી, જ્ઞાનસ્વભાવની આરાધનાથી ડગતા નથી, જાુઓને, ગજસુકુમાર, પાંડવો વગેરેને કેવા પ્રસંગ આવ્યા, પણ તેઓ સ્વભાવસન્મુખતાથી ડગ્યા નહિ. કર્મો ઉદયસન્મુખ થયા તો આત્મા પોતાના સ્વભાવસન્મુખ થયો, ત્યાં ઉદયમાં આવેલું કર્મ ચાલ્યું જશે. પુરુષાર્થવડે જે કર્મની ઉદીરણા કરીને તોડવા માંગતો હતો તે કર્મ સામેથી એની મેળે ઉદયમાં આવ્યું,–એમ સાધકજીવ શાંતચિત્તપૂર્વક કર્મનો ક્ષય કરે છે. જેમ કોઈ શૂરવીર પુરુષ દુશ્મનને નષ્ટ કરવા માટે શોધતો હોય ત્યાં દુશ્મન સામેથી જ એની પાસે આવે, તેમ સાધકધર્માત્મા કર્મોને નષ્ટ કરવા ઈચ્છે જ છે, ત્યાં કર્મ સામેથી ઉદયમાં આવીને નષ્ટ થવા માંડયું; એટલે એ કર્મના ઉદયમાં જ્ઞાની ગભરાતા નથી, પણ ધીરસ્વભાવમાં રહીને વીતરાગભાવવડે કર્મોનો નાશ કરે છે.

અરે જીવ! તું તારા સ્વભાવ તરફના પ્રયત્નમાં રહે, ત્યાં તને કોઈ કર્મ નડશે નહિ, ઉદયમાં આવેલ કર્મ પણ ચાલ્યા જશે. કર્મનું નામ લઈને તારા પુરુષાર્થને રોક નહિ. મુનિઓ જ્ઞાન–ધ્યાનની ઉગ્રતાવડે સત્તામાં રહેલા કર્મોને પણ ઉદયાવલીમાં ખેંચીને નષ્ટ કરી નાંખે છે. અરે જીવ! તારું બાંધેલું કર્મ તારા પુરુષાર્થથી શું ન તૂટે? ઊંધા ભાવે જે કર્મ બંધાયું તે સવળા ભાવે એક ક્ષણમાં તૂટી જાય છે. પણ તું તારા સ્વભાવની રુચિ કરીને પ્રયત્નવડે સ્વસન્મુખ વાળ. અરે જીવ! તું સર્વજ્ઞસ્વભાવી આત્મા, અચિંત્ય તારું સામર્થ્ય, ને કર્મના ઉદયની જરાક પ્રતિકૂળતામાં તું ઘેરાઈ જા...એ કેવી વાત? મોટો સિંહ સસલાથી દબાઈ જાય–એ કેમ બને? સિંહની ત્રાડ પડે ત્યાં સસલાં તો

ક્યાંય ભાગે...અરે, આઘેથી એની ગંધ આવે ત્યાં પણ સસલાં ભયભીત થઈને ભાગવા માંડે; તેમ ચૈતન્યસિંહ સ્વાનુભવની ત્રાડ મારતો જ્યાં જાગ્યો ત્યાં સસલાં જેવાં કર્મો તો ક્યાંય ભાગે છે, અને એ ચૈતન્યની રુચિના સંસ્કાર જ્યાં પાડયા ત્યાં તે સંસ્કારની ગંધથી પણ મિથ્યાત્વાદિ કર્મો ઢીલાઢફ થઈને ભાગવા માંડયા. તું તો સર્વજ્ઞસ્વભાવી આત્મા, સર્વજ્ઞ જેવી તારી જાત, સર્વજ્ઞ ભગવાનનો પૂરો વારસો લે એવી તારી તાકાત,–આવા સ્વભાવને સાધવા જે જાગ્યો તે કોઈ પરિગ્રહ કે ઉપસર્ગથી ડગે નહિ, કોઈ પ્રતિકૂળતાના ગંજ પણ તેને હટાવી શકે નહિ, એની આરાધના કોઈ તોડી શકે નહિ. પૂર્વે બંધાયેલ અશુભ કર્મ તેને ઉદયમાં આવે તો તે નાશને માટે જ છે. સિંહની સામે સસલું આવે તો તે મરવા માટે જ આવ્યું છે, તેમ આરાધક જીવને પૂર્વકર્મ ઉદયમાં આવ્યું તો તે મરવા માટે આવ્યું છે; ધર્મી તો પોતાના નિર્વિકલ્પ આત્મતત્ત્વની ભાવનામાં જ વર્તે છે. અહા, આત્મસ્વભાવની ભાવનાનું મોટું બળ છે, તેની અજ્ઞાનીને ખબર નથી.

અહીં શિખામણ આપતાં કહે છે કે હે જીવ! કોઈ તને કઠોર–કર્કશ–આકરા નિંદાના શબ્દો કહે, તારા ઉપર દોષ નાંખે, ને તારાથી તે સહન ન થતું હોય તો કષાય દૂર કરવા તું શીઘ્ર તારા પરમાનંદસ્વરૂપની ભાવના કર, તેનું ચિંતન કર. તે સર્વોત્કૃષ્ટ ચૈતન્યનું ચિન્તન કરતાં વેંત જ કષાયો વિરમી જશે. જગત તારી નિંદા કરે તેથી તું તારા પરમતત્ત્વની ભાવના ન છોડીશ. જેમ સીતાજીએ રામને સન્દેશ કહેવડાવ્યો કે લોકનિંદાના ભયથી મને તો છોડી પણ કદી લોકનિંદાના ભયથી જિનધર્મને ન છોડશો. તેમ હે મુમુક્ષુ! લોક તારી નિંદા કરે તેથી તું તારી શાંતિ છોડીશ નહિ, પરમાત્મતત્ત્વની ભાવનાથી ડગીને કષાય થવા દઇશ નહિ, તારા પરમાત્મતત્ત્વમાં કોઈ નિંદાનો પ્રવેશ નથી, એ પરમ તત્ત્વની તું ઉગ્ર ભાવના કરજે.

કષાયોને જીતવાનો ઉપાય શું? એક જ કે અંદરમાં પરમાત્મતત્ત્વની ભાવના; પ્રતિકૂળતામાં સમાધાનનો ઉપાય શું? કે પરમાત્મતત્ત્વની ભાવના કરવી તે. પરમાત્મતત્ત્વની ભાવનામાં વર્તતા જીવને જગતમાં કોઈ પ્રતિકૂળતા કે દુઃખ નથી. એ ભાવનામાં અકષાયી શાન્તિનું વેદન છે. આવી ભાવના મુમુક્ષુનું કર્તવ્ય છે.

જેમ દરિદ્રતા વખતે કોઈ માણસે પચીસહજારનું ઋણ કર્યું, પછી તે માણસ કરોડો–અબજોનો સ્વામી થયો, ને પોતાનું ઋણ ચૂકવવા સામા માણસને શોધતો હોય, ત્યાં તે માણસ સહેજે ઘરે આવી ચડે, તો તે હર્ષપૂર્વક તેનું ઋણ ચૂકવીને ઋણમૂક્ત થાય છે. તેમ પૂર્વે અજ્ઞાનદશામાં કોઈ કર્મો બંધાઈ ગયા, હવે ધર્મી મુમુક્ષુ ચૈતન્યસંપત્તિનો

સ્વામી થયો ને કર્મબંધનથી છૂટવા માંગે છે, ત્યાં તે કર્મો એની મેળે ઉદયમાં આવીને ખરવા માંડયા, તો ધર્મી પોતાના સ્વભાવમાં રહીને તે કર્મોને નિર્જરાવી નાંખે છે ને કર્મમુક્ત થાય છે. પ્રતિકૂળતા પ્રસંગે ધર્મી ઘેરાતા તો નથી પણ ઊલટું પ્રયત્નની ઉગ્રતા વડે વિશેષ નિર્જરા કરે છે. અરે, મારા સ્વભાવમાં પ્રતિકૂળતા કેવી? અજ્ઞાની તો પ્રતિકૂળતા દેખીને સ્વભાવને ભૂલી જાય છે ને રોતલ થઈને બેસે છે; પણ ધર્મી તો સામો પડકાર કરીને, સ્વભાવની શૂરવીરતાવડે કર્મોને તોડી નાંખે છે. જ્ઞાની શૂરવીર હોય છે, તે સ્વભાવના ધૈર્યને છોડતા નથી.

અરે, પ્રતિકૂળતા ઘણી આવી–શું કરવું? તો કહે છે કે એના તરફથી લક્ષ ફેરવીને, આ સ્વભાવ તરફ લક્ષ જોડ. સ્વભાવની ગૂફામાં ગરી જા....તેમાં પરમ શાંતિ છે. પ્રતિકૂળતાની સામે જોઈને બેસી રહીશ તો ખેદ થશે, પણ સ્વભાવની સામે લક્ષ કરતાં ગમે તેવી પ્રતિકૂળતામાંય ધૈર્ય ને શાંતિ રહેશે. માટે હે મુમુક્ષુ! તું સદૈવ તારા પરમાત્મતત્ત્વની ભાવનામાં તત્પર રહે.

## સાચી કમાણી

**દયા-દાન-પૂજા-શીલ પૂંજી સો અજાનપને,**
**જિતનો હંસ તું અનાદિ કાલમેં કમાયેગો;**
**તેરે બિન વિવેકકી કમાઈ રહે ન હાથ,**
**ભેદજ્ઞાન વિના એક સમયમેં ગમાયગો.**
**અમલ અખંડિત સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ,**
**યાકે વણજમાંહી એક સમય જો રમાયગો;**
**મેરી સમઝ માન જીવ આપને પ્રતાપ આપ,**
**એક સમયકી કમાઈ તું અનંતકાળ ખાયગો.**

હે જીવ! હે ચૈતન્ય હંસલા! અજ્ઞાનભાવે અનાદિકાળથી તું દયા–દાન–પૂજા–શીલ વગેરેની જે પૂંજી કમાઈશ તે વિવેક વગરની પૂંજી તારા હાથમાં નહિ રહે; ભેદજ્ઞાન વગર એક ક્ષણમાં તે બધી કમાણી તું ગૂમાવી દઈશ.

અને, જો તું તારા અમલ–અખંડ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપના વેપારમાં તારો ઉપયોગ એક સમય પણ રમાવીશ, તો તેના પ્રતાપથી એક સમયમાં એટલી કમાણી થશે કે અનંત કાળ સુધી ખાઈશ છતાં તે નહિ ખૂટે. માટે તું મારી શિખામણ માન, ને ચિદાનંદસ્વરૂપમાં તારા ઉપયોગને જોડ. –'રત્નસંગ્રહ'

# મોહ જલ્દી તૂટે-એવો ઉપદેશ

**પોતાના શુદ્ધઆત્માને જાણીને મોહ કેમ તૂટે-એવી જેની જિજ્ઞાસા છે ને બીજી અપ્રયોજનભૂત બાબતોમાં જેનું લક્ષ નથી એવા શિષ્યને શુદ્ધતત્ત્વનો ઉપદેશ આપે છે.**

**( પરમાત્મપ્રકાશ-પ્રવચન )**

હે પ્રભાકર ભટ્ટ! એટલે કે હે મુમુક્ષુ! જેવા અનંત ચતુષ્ટયસ્વરૂપ પરમાત્મા છે તેવો જ હું છું–એમ નિશ્ચય કરીને, તું બધા વિકલ્પો છોડીને કેવળ પરમાત્માનું જ ધ્યાન કર. નિઃસન્દેહ થઈને, સ્વદેહમાં જ શુદ્ધઆત્મા વસે છે–તેનો નિશ્ચય કરીને, તેનું ધ્યાન કર.–એથી શીઘ્ર તારો મોહ તૂટશે, ને પરમ આનંદ તારામાં જ અનુભવાશે.

તારી કેવળજ્ઞાનાદિ પર્યાયોનો સંબંધ તારા ગુણોની જ સાથે છે, પરની સાથે તારી પર્યાયનો સંબંધ નથી. જો તારી પર્યાયનો સંબંધ પર સાથે હોય તો ગુણ–ગુણીની એકતા તૂટી જાય. પણ ગુણ–ગુણીની એકતા કદી તૂટે નહિ. જેમ આત્માના ગુણો પરના આશ્રયે કદી ન હોય, તેમ ગુણની પર્યાય પણ પરના આશ્રયે કદી ન હોય, એવો સ્વભાવ છે. 'કારણસમયસાર' એટલે રત્નત્રયસ્વરૂપ જે શુદ્ધઆત્મા તેની ભાવના કરવાથી જ કેવળજ્ઞાનાદિ ચતુષ્ટયરૂપ કાર્યસમયસાર પ્રગટે છે.

અહા, અંતરમાં જ પરમાત્મવસ્તુ પડી છે. પણ જીવે કદી અંતર્દ્રષ્ટિ કરીને તેનું ધ્યાન કર્યું નથી, પરભાવો વગરનું પોતાનું શુદ્ધતત્ત્વ કદી લક્ષમાં લીધું નથી. તેથી અહીં તેનો ઉપદેશ આપે છે. શિષ્યે પૂછયું હતું કે હે સ્વામી! મોહ શીઘ્ર તૂટે એવો ઉપદેશ મને આપો. બીજાનું મારે કાંઈ પ્રયોજન નથી, મારા શુદ્ધઆત્માને હું જાણું ને મારો મોહ જલ્દી તૂટે એવો ઉપદેશ મને આપો.

જુઓ, આ શિષ્યની જિજ્ઞાસાનો પ્રશ્ન! શુદ્ધઆત્માને જાણવા સિવાય બીજાું પ્રયોજન જેના ચિત્તમાં નથી, તેને અહીં સમજાવે છે કે જેવા પરમાત્મા સિદ્ધલોકમાં વસે છે તેવો જ પરમાત્મા અહીં આ દેહમાં વસે છે, જેવા પરમાત્મા છે તેવો જ પરમાર્થે હું છું, એમ નિઃસન્દેહ નિશ્ચય કરીને હે જીવ! તારા આત્માને તું ધ્યાવ. પર સાથે સંબંધ છોડ ને સ્વ સાથે સંબંધ કર, એટલે કે પરિણતિને અંતરમાં વાળ; આ રીતે પરિણતિને અંતરમાં વાળતાં જ તારો મોહ તૂટી જશે, ને પરમ આનંદમય આત્મા તારામાં જ તને દેખાશે.

અહીં કહે છે કે શુદ્ધ પરિણતિથી અભેદ એવા શુદ્ધઆત્માની નિરન્તર ભાવના કરવા જેવી છે. પરભાવની ભાવના એક ક્ષણ પણ ન કર, પુણ્યની કે તેના ફળની ભાવના એક ક્ષણ પણ ન કર, શુદ્ધ આત્માની ભાવના નિરંતર કર. 'જેવી ભાવના તેવું ભવન' એટલે શુદ્ધાત્માની ભાવનાથી શુદ્ધતારૂપ પરિણમન થાય છે.

ભાવના એટલે શું? ભાવના એટલે વિકલ્પ નહિ, પણ તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન ને તેમાં લીનતાનો ફરી ફરી અભ્યાસ તેનું નામ ભાવના છે. શુદ્ધઆત્માની ભાવના જેને નિરન્તર હોય તેની પરિણતિ તેમાં વળ્યા વગર રહે નહિ.

અરે પ્રભુ! તારામાં અપાર તાકાત ભરી છે, તેનો હકાર લાવીને પુરુષાર્થને ઊછાળ. તારી ચૈતન્યશક્તિના એક ટંકારે મોહનો નાશ થઈ જાય એવી તારી તાકાત છે. તારી સ્વશક્તિનો ભરોસો કર, ને તેમાં ઉપયોગની એકાગ્રતા કર.–એમાં તારે કોઇ બીજાની અપેક્ષા નથી.

રે જીવ! આ કાયા અશુદ્ધ–મલિન છે પણ અંદર રહેલો આત્મા અશુદ્ધ નથી, તે તો પવિત્ર જ્ઞાન–દર્શનનો પૂંજ છે. જેમ રંગીન વસ્ત્ર પહેરવાથી માણસ કાંઈ તેવો થઈ જતો નથી. તેમ દેહની મલિનતાથી આત્મા કાંઈ મલિન થઈ ગયો નથી. વસ્ત્ર ફાટતાં માણસ કાંઈ મરી જતો નથી તેમ દેહરૂપી વસ્ત્ર નષ્ટ થતાં આત્મા કાંઇ નષ્ટ થતો નથી.– આમ વિચારીને હે જીવ! દેહાદિથી ભિન્ન આત્માને જાણ. અહા, આમાં મહાન પ્રયત્ન છે.

અહા, જે બુદ્ધિ અંતરમાં વળીને આખા ચૈતન્યપહાડને ધારણ કરે–એની તાકાતની શી વાત? જેમ કુંદકુંદસ્વામીની અપાર તાકાત માટે જયસેનાચાર્ય કહે છે કે–

जयउ रिसि पउमणंदी जेण महातच्चपाहुडसेलो
बुद्धि सिरेणुद्धरिओ समप्पिओ भव्वलोयस्स।।

તે ઋષિ પદ્મનંદીનો જય હો–કે જેમણે મહાતત્ત્વથી ભરેલ પ્રાભૃતરૂપી પર્વત બુદ્ધિરૂપી શિર વડે ઉપાડીને ભવ્ય જીવોને સમર્પિત કર્યો છે.

તેમ અંતરમાં અનંત ચૈતન્યશક્તિથી ભરેલો જે શુદ્ધાત્મારૂપી મોટો પર્વત, તેને અંતર્મુખ થઈને જે જ્ઞાને અનુભવમાં લીધો તે જ્ઞાનના મહિમાની શી વાત? તે જ્ઞાનના સામર્થ્ય પાસે મોહ ટકી શકે નહિ. આવું અનુભવજ્ઞાન ચોથા ગુણસ્થાનેથી હોય છે. એના વગર મોક્ષમાર્ગ શરૂ થતો નથી.

આત્મા અને દેહ અત્યંત જુદા છે. દેહ અને દેહની ક્રિયાઓ સદાય અજીવ જ છે, તેમાં કદી જીવનો ધર્મ નથી, તેમજ તે જીવના ધર્મનું કારણ પણ થતું નથી. જીવના બધા ધર્મો જીવમાં છે, જીવનો કોઇ ધર્મ અજીવમાં નથી. માટે હે જીવ! દેહના સંબંધને તું તારો ન દેખ, તારા આત્માને દેહથી ભિન્ન જ દેખ.

દેહથી આત્માની ભિન્નતાનું ભાન ક્યારે થાય? કે જ્ઞાનને અંતરમાં વાળીને જ્યારે અતીન્દ્રિય ચૈતન્યનો સ્પર્શ કરે ત્યારે દેહાદિમાં એકત્વબુદ્ધિ છૂટે, ને ત્યારે જ ખરેખર દેહથી ભિન્ન આત્માને જાણ્યો કહેવાય. શ્વાસ લેવાય, વચન બોલાય એ બધી ક્રિયાઓ દેહ સાથે સંબંધવાળી છે, તેને જે પોતાની માને છે તે દેહને જ આત્મા માને છે. અરે, અતીન્દ્રિય ચૈતન્યવસ્તુ એ કાંઈ ઇન્દ્રિયજ્ઞાનનો વિષય થાય તેવી નથી. આત્માની ક્રિયા કઈ? જ્ઞાનક્રિયા તે આત્માની ક્રિયા છે. આવી ક્રિયા વડે જે આત્માને દેહભિન્ન અનુભવે છે તે જ સર્વજ્ઞપરમાત્માની પરમાર્થસ્તુતિ કરી શકે છે.

દેહમાં ( એટલે રાગાદિમાં પણ ) એકત્વબુદ્ધિવાળો જીવ, અતીન્દ્રિય જ્ઞાનમય એવા સર્વજ્ઞ પરમાત્માની–અરિહંતદેવની પરમાર્થસ્તુતિ–શ્રદ્ધા–ભક્તિ કરી શકતો નથી, અરિહંતના પરમાર્થસ્વરૂપને તે ઓળખતો નથી. અહા, સ્વભાવસન્મુખ થયો ત્યારે જ અરિહંતદેવ વગેરેની સાચી ઓળખાણ થઈ.

અરે જીવ! આ દેહમાં લોહી, માંસ ને હાડકા સિવાય બીજું શું છે? આવા અપવિત્ર વસ્તુના પિંડને તું તારો માનીને તેમાં મૂર્છાઈ રહ્યો છે, ને શુદ્ધ–બુદ્ધ એવા તારા પવિત્ર ચૈતન્યસ્વરૂપને તું ભૂલી રહ્યો છે. અરે, રાગની મલિનતા પણ તારા સ્વરૂપમાં નથી ત્યાં આ મલિનતાનો પિંડ દેહ તારામાં ક્યાંથી આવ્યો? દેહથી અત્યંત જુદો તું જ્ઞાયકમૂર્તિ છો, એમ જાણીને શીઘ્ર દેહની મૂર્છા છોડ, ને આત્માની ભાવના નિરંતર કર, એમ કરવાથી તુરત જ તારો મોહ તૂટી જશે ને પરમ આનન્દ સહિત તારું ચૈતન્યતત્ત્વ તને તારા અંતરમાં જ દેખાશે.

## અંતર્મુખ અવલોકતાં...

જ્યારે યુદ્ધમાંથી વૈરાગ્ય પામીને બાહુબલીએ દીક્ષા લીધી, અને તેમની હજારો રાણીઓ પણ દીક્ષા માટે ભગવાનના સમવસરણમાં ચાલી ગઈ...ને ભરતચક્રવર્તીના મહેલમાં દુઃખથી હા......હાકાર છવાઈ ગયો, ત્યારે તે દુઃખની શાંતિ માટે ભરતરાજે શું કર્યું?–તે વખતે ભરતરાજ પોતાના મનમાં એમ વિચારવા લાગ્યા કે–

સંસારમાં કોઈપણ દુઃખ કેમ ન આવે,–પરંતુ પરમાત્માની ભાવના એ બધા દુઃખને દૂર કરી નાખે છે, તેથી આત્મભાવના કરવી યોગ્ય છે.–આમ વિચારી આંખ મીંચીને તેઓ આત્મનિરીક્ષણ કરવા લાગ્યા. અને તેના ચિત્તમાં વ્યાપેલું દુઃખ કોણ જાણે ક્યાં ચાલ્યું ગયું! ખરેખર, નિજ–પરમાત્માનું દર્શન સર્વ દુઃખદમનનો અમોઘ ઉપાય છે.

**ઉપજે મોહ-વિકલ્પથી સમસ્ત આ સંસાર,**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.**

**( 'રત્નસંગ્રહ' માંથી )**

# ક્રોધાદિથી બચવાનો ઉપાય–આત્મચિન્તન

**હે જીવ! અજ્ઞાનથી ક્રોધાદિ કષાયવશ તું જન્મ-મરણનાં દુઃખ અનાદિથી ભોગવી રહ્યો છે....હવે જો તું ભવભ્રમણનાં દુઃખથી ભયભીત હો તો ચૈતન્યની ભાવના કર. શુદ્ધઆત્મતત્ત્વની ભાવના તે જ કષાયોને રોકવાનો ઉપાય છે. હે જીવ! પ્રતિકૂળતામાં આત્માને યાદ કરજે-તારા સર્વ સમાધાન થઈ જશે; આનંદસમુદ્ર આત્મા છે તેમાં જ્યાં ઉપયોગ જોડયો ત્યાં દુઃખ કેવું? સાધકને જગતમાં કાંઈ પ્રતિકૂળ છે જ નહિ. હે જીવ! કોઈએ તારા દોષ ગ્રહણ કર્યા તો તેમાં તને શું નુકશાન થયું? તું શાંતચિત્ત રહીને તારી આત્મઆરાધનામાં તત્પર રહે.**

## (પરમાત્મપ્રકાશ-પ્રવચન)

હે જીવ! તારાથી વિરુદ્ધજાતિરૂપ એવું આ શરીર તે તારું મિત્ર નથી; જો તેની ભાઈબંધી કરવા જઈશ તો તું દુઃખી થઈશ. આ રીતે દેહના આશ્રયે દુઃખ થાય છે માટે તેને ઉપચારથી શત્રુ કહ્યો; ને આવા દુઃખદાયી દેહનો જેના વડે અભાવ થાય એવા રત્નત્રયધર્મને તું તારો મિત્ર જાણ. અરે, આ દેહ જડ, એની મિત્રતા શી? એના સંબંધ શો? મુનિવરો તો દેહલક્ષ છોડીને ચૈતન્યની સાધનામાં એવા લીન થાય છે કે હરણીયાં આવીને શરીરને ઝાડનું થડ સમજીને તેની સાથે શરીર ઘસે છે......પણ મુનિ ધ્યાનમાં અડોલ રહે છે. અથવા, મુનિ વનજંગલમાં એકાકીપણે ધ્યાનમાં બિરાજતા હોય ને સિંહ આવીને શરીરને ખાઈ જતો હોય તોપણ મુનિ સિંહને શત્રુ માનતા નથી. જે દેહ મુનિને જોઈતો નથી તે દેહને સિંહ લઈ જાય છે, તો એ તો મિત્ર થયો! અરે જીવ! આવી દેહથી ભિન્નતાની ને વીતરાગતાની ભાવના તો ભાવ! પરમાત્મતત્ત્વની ભાવના જ પરમ આનંદનું કારણ છે; દેહની ભાવના તો દુઃખ છે.

શલ્ય જેવા વચન કોઈ કહે તો તેની સામે જોઈને અટકીશ નહિ, તારા પરમાત્મતત્ત્વમાં જાજે; તારા પરમાત્મતત્ત્વમાં વચનનો પ્રવેશ નથી, એવા પરમાત્મતત્ત્વની ભાવનામાં તને પરમ આનન્દ થશે, ને કષાયો ઉપશમી જશે.

સામો જીવ પણ કાંઈ વચનનો આધાર નથી, ને તારો આત્મા પણ વચનનો આધાર નથી. પરમબ્રહ્મ એવો પોતાનો આત્મા તે અનંત જ્ઞાનાદિગુણોનું ધામ છે. હે જીવ!

પ્રતિકૂળતામાં આત્માને યાદ કરજે–તારા સર્વ સમાધાન થઈ જશે. શુદ્ધ આત્મતત્ત્વની ભાવના તે જ કષાયોને રોકવાનો ઉપાય છે.

આત્મા તો સિદ્ધ ભગવંતોનો કુટુંબી છે. હે જિનેશ્વર! અમે તો આપના કૂળના ને આપની જાતિના છીએ. આવા લક્ષે હું ધર્મની આરાધના કરવા જાગ્યો, ધર્મનો રંગ લાગ્યો, તેમાં હવે કદી ભંગ પડશે નહિ, હવે અપ્રતિહતભાવથી અમે સિદ્ધદશામાં પહોચશું. આવા સિદ્ધ સિવાય બીજી જાત તે અમારી જાત નહિ, તીર્થંકરોનું ને સિધ્ધોનું જે ચૈતન્ય કૂળ છે તે જ કૂળના અમે છીએ. તીર્થંકરોના અમે કેડાયતી છીએ,–એ અમારી ટેક છે. સંસારમાં કર્મવશ જે જાતિભેદ છે તે જાતિભેદ અમારામાં નથી; અરે ચૈતન્યની ભાવનામાં જે લીન થાય તે જીવ આ ભવમાં ન પડે, એમાં શું આશ્ચર્ય છે! જેનું ચિત્ત આત્મામાં નથી લાગતું તે જ સંસારમાં ભ્રમણ કરે છે, પણ જેનું ચિત્ત આત્મામાં લાગ્યું તેને પરભાવની ઉત્પત્તિ ન રહી ને સંસારભ્રમણ ન રહ્યું. માટે હે જીવ! ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગમાંય તું તારું ચિત્ત આત્મામાં જોડ. બહારમાં ધગધગતા દાગીનાથી પાંડવોનો દેહ ભડભડ સળગે છે ત્યારે અંદર શીતળ ચૈતન્યમાં ચિત્તને જોડીને કેવળજ્ઞાન ને મોક્ષ પામે છે; સુકુમારમુનિ વગેરેના શરીરને શિયાળ ખાઈ જાય છે તે વખતે પણ અંદર ચૈતન્યમાં ચિત્તને જોડીને તે પોતાના પરમ આનંદને અનુભવે છે. આનંદસમુદ્ર આત્મા છે તેમાં જ્યાં ઉપયોગ જોડયો ત્યાં દુઃખ કેવું? ને પ્રતિકૂળતા કેવી? આરાધનામાં જ્યાં વિઘ્ન નથી ત્યાં કોઈ પ્રતિકૂળતા છે જ નહિ. સાધકને જગતમાં કાંઈ પ્રતિકૂળતા છે જ નહિ. પ્રતિકૂળતા વખતે તે આરાધનાથી ડગતા નથી પણ ઉલટી તેને આરાધનાની ઉગ્રતા થાય છે.

અરે, ચૈતન્યપિંડ આત્માને આ દેહમાં જન્મ ધારણ કરવો તે શરમ છે. હે જીવ! જો તું ભવભ્રમણથી ભયભીત હો તો ચૈતન્યની ભાવના કર, તેથી તારા શરમજનક જન્મો છૂટી જશે. કષાય પણ શરમ છે, તેનાથી પણ ભિન્ન ચૈતન્યની ભાવના કર.

કોઈ જીવ તારા દોષો ગ્રહણ કરે તોપણ તું ક્રોધિત ન થા. અરે, અજ્ઞાનીઓ તો મોટામોટા ધર્માત્માના પણ દોષ ગ્રહણ કરે છે, કેમકે તેને દોષ ગમે છે તેથી તે દોષને ગ્રહણ કરે છે. અરે, તેણે મારા દોષ ગ્રહણ કર્યા તેમાં મને શું નુકશાન થયું? મારા ગુણ તો કાંઈ એણે લઈ લીધા નથી!–એમ વિચારી હે જીવ! તું ગુસ્સો ન થવા દે ને તારા ચૈતન્યની મસ્તીમાં મસ્ત રહે. જગતમાં બીજા જીવ ક્રોધાદિથી દોષગ્રહણ કરે તો તેમાં તારે શું? જે કરશે તે ભોગવશે, તેમાં તું કેમ ઉદાસ થાય છે? જગતના પદાર્થોને પ્રકાશવાનો તારો સ્વભાવ છે. કોઈ શુભભાવ કરે, કોઈ અશુભ કરે, કોઈ નિંદા કરે, કોઈ પ્રશંસા કરે, તેથી

કાંઈ તને ગુણ–અવગુણ નથી. માટે વસ્તુસ્વરૂપ વિચારીને તું તારા સમાધાનભાવમાં રહે. તારું સ્વરૂપ પરમ પ્રશંસનીય છે–તેને જ તું આદર. ને ક્રોધાદિ ભાવો નિંદનીય છે તેને તું છોડ. આવી આત્મભાવનામાં તત્પર જીવને નિંદાદિ પ્રતિકૂળતાના પ્રસંગે ક્રોધાદિ થતા નથી. જેમ ઘરમાં કોઈ ચોર આવે ને રત્ન વગેરે ન લ્યે પણ કચરો લઈ જાય, તો તેણે તો ઉલટું ઘર સાફ કરી દીધું. તેણે શું બગાડયું? તેમ મારા અનંતગુણ છે તે તો કોઈએ ગ્રહ્યા નહિ ને રાગદ્વેષાદિ દોષ જ ગ્રહણ કર્યા, તો તેણે મારું શું બગાડયું? મારા ગુણને તો કોઈ લઇ શકતો નથી. વળી મારામાં જે ક્રોધાદિ દોષ વિદ્યમાન છે તે જો મને બીજો બતાવે –તો તેણે સત્ય જ કહ્યું, તે સત્યવાદી ઉપર શું દ્વેષ કરવો? દ્વેષ તો પોતાના દોષ ઉપર કરીને તેને ટાળવા જેવા છે. અને જો મારામાં અવિદ્યમાન દોષ તે કહે તો તેના મિથ્યા કહેવાથી તો કાંઈ મારામાં તે દોષ આવી જવાના નથી. તેનું જ્ઞાન મિથ્યા થયું. કોઈના વૃથા કહેવાથી તો કાંઈ દોષ લાગી જતા નથી. પાપી જીવ નિર્દોષ સન્તો ઉપર પણ કેટલા અત્યાચાર કરે છે–પણ તેથી કાંઈ સન્તોના ગુણનો તે નાશ કરી શકતો નથી. કોઈ પાછળથી દોષ કહે, સન્મુખ કહે, અપમાન કરે કે શરીરને બાધા પહોંચાડે, પણ મારા જ્ઞાનાદિ ગુણોને બાધા પહોંચાડવા કોઈ સમર્થ નથી. માટે હું કોના ઉપર ક્રોધ કરું? હું જો ક્રોધ કરું તો તે ક્રોધવડે મારા ગુણ હણાય છે; પણ હું મારા ક્ષમાભાવમાં રહું ને મારા સ્વરૂપથી હું ન ડગું તો બીજો કોઈ મને નુકશાન કરવા સમર્થ નથી. મારા જે રત્નત્રયગુણ ખીલ્યા છે તે મારા સ્વભાવના આશ્રયે ખીલ્યા છે, તે કાંઈ પરના આશ્રયે ખીલ્યા નથી, કે પર વડે તેનો નાશ થાય! હું મારા ચૈતન્યરૂપને ધારણ કરું છું ત્યાં ક્રોધાદિ વૃત્તિ રહેતી નથી. જેમ–રાવણ સીતાને લઈ ગયો છે, ઘણું મનાવવા છતાં સીતા મહાસતી તેની સામે પણ જોતી નથી; ત્યારે કોઈ રાવણને કહે છે કે તું રામનું રૂપ ધારણ કર તો સીતા તારા પર (તને રામ સમજીને) પ્રસન્ન થાય. પણ રાવણ જ્યાં રામનું રૂપ ધારણ કરે છે ત્યાં તેની વૃત્તિ પણ રામ જેવી નિર્દોષ થઈ જાય છે ને વિકારી વૃત્તિ રહેતી નથી, સીતાજી તેને બહેન જેવી દેખાય છે. તેમ અહીં વિકારનો નાશ કરવા ધર્માત્મા કહે છે કે હું જ્યાં મારા આતમરામનું રૂપ ધારણ કરું છું ત્યાં વિકારી વૃત્તિ રહેતી નથી. આ રીતે શુદ્ધઆત્મસ્વરૂપ જાણીને તેની ભાવનામાં તત્પર રહેવું–સ્વસન્મુખ પરિણમવું–તે જ ક્રોધાદિ સર્વ દોષના નાશનો ઉપાય છે.



# પરિચય

**પરમ** વીતરાગ જૈનધર્મના અનાદિનિધન પ્રવાહમાં તીર્થંકરો અને સંતોએ આત્મહિતના હેતુભૂત અધ્યાત્મવાણીનો પ્રવાહ વહેવડાવ્યો છે; તીર્થંકરો અને સન્તોનો એ અધ્યાત્મસન્દેશ ઝીલીને અનેક જીવો પાવન થયા છે. ગૃહસ્થ–ધર્માત્માઓએ પણ એ અધ્યાત્મગંગાના પુનિત પ્રવાહને પોતાની અધ્યાત્મરસિકતા વડે વહેતો રાખ્યો છે....એ અધ્યાત્મરસના પાનથી, સંસારના સંતપ્ત જીવો પરમ તૃપ્તિ અનુભવે છે.

તીર્થંકરો અને મુનિઓની તો શી વાત! તેઓનું તો જીવન સ્વાનુભવવડે અધ્યાત્મ– રસથી ઓતપ્રોત બનેલું છે; તે ઉપરાંત જૈનશાસનમાં અનેક ધર્માત્મા–શ્રાવકો પણ એવા પાકયા છે કે જેમનું અધ્યાત્મજીવન અને અધ્યાત્મવાણી અનેક જિજ્ઞાસુઓને અધ્યાત્મની પ્રેરણા જગાડે છે. એવા એક અધ્યાત્મવિદ્વાન શ્રીમાન્ પં. શ્રી ટોડરમલ્લજીનો અને તેમની લખેલી રહસ્યપૂર્ણ ચિઠ્ઠીનો પરિચય આત્મધર્મના ગતાંકમાં આપણે કર્યો. એવા જ એક બીજા વિદ્વાન શ્રીમાન્ પં. શ્રી બનારસીદાસજીનો ટૂંક પરિચય અહીં આપીએ છીએ.

શ્રીમાન્ પં. બનારસીદાસજીએ પોતે જ ‘અર્ધકથાનક’ માં પોતાના જીવનવૃત્તાંતનું આલેખન કર્યું છે; હિન્દીભાષાના કવિઓમાં ‘આત્મકથા’ લખનારા તેઓ પહેલા જ ગણાય છે. તેમની આત્મકથામાંથી જ તેમના જીવનનો સંક્ષિપ્ત પરિચય અહીં આપીએ છીએ. પ્રતિકૂળ જીવનમાંથી પણ અધ્યાત્મરસના પ્રતાપે કેવું ઉજ્જવળ જીવન બની શકે છે–તેની આપણને આમાંથી પ્રેરણા મળે છે.

મધ્યભારતમાં રોહતકપુર પાસે बिहोली ગામ છે, ત્યાં રાજપુતોની વસ્તી છે. એકવાર બિહોલીમાં કોઈ જૈનમુનિ પધાર્યા, તેમના પવિત્ર ચરિત્રથી અને વિદ્વત્તાભરેલા ઉપદેશથી પ્રભાવિત થઈને ત્યાંના બધા રાજપુતો જૈનધર્મી થઈ ગયા, અને–

**પહિરી માલા મંત્રકી પાયો કુલ શ્રીમાલ,**
**થાપ્યો ગોત બિહોલિયા બીહોલી-રખપાલ.**

આ રીતે નમસ્કારમંત્રની માળા પહેરીને બિહોલિયા ગોત્રની જે સ્થાપના થઈ તેમાં અનુક્રમે મૂલદાસજી થયા, તેઓ રાજ્યના મોદી હતા. સં. ૧૬૦૨ માં તેમને ખરગસેન નામનો પુત્ર થયો. તે ૧૧ વર્ષનો હતો ત્યારે ( સં. ૧૬૧૩માં ) તેના પિતાનો દેહાંત થતાં મોગલસરદારે તેમનું ઘર ખાલસા કર્યું; આથી વિધવા માતા પોતાના પુત્રને લઈને જોનપુર ચાલી ગઈ, ત્યાં તેનું પિયર હતું.

સં. ૧૬૨૬માં ખરગસેન આગ્રા આવીને વેપાર કરવા લાગ્યા ને તેમની પાસે સારૂં ધન એકઠું થયું; ફરી તેઓ જોનપુર આવ્યા. મેરઠનગરના સુરદાસજીની કન્યા સાથે તેના લગ્ન થયા. આજ આપણા ચરિત્રનાયકના માતા–પિતા. સં. ૧૬૩૫ માં તેમને એક પુત્ર થયો, પણ તે માત્ર આઠદસ દિવસ જ જીવી શક્યો, થોડા દિવસ પછી ખરગસેન પુત્રલાભની ઈચ્છાથી રોહતકપુર એક સતીની યાત્રા કરવા સહકુટુમ્બ ચાલ્યા, પણ રસ્તામાં ચારોએ તેમને લૂંટી લીધા. આ પ્રસંગ ઉપર પં. બનારસીદાસજી લખે છે કે સતી પાસે પુત્ર માંગવા જતાં રસ્તામાં ઉલટા લૂંટાઈ ગયા; આવું પ્રગટ દેખવા છતાં મૂરખ લોકો સમજતા નથી અને વ્યર્થ દેવ–દેવીની માનતા કરે છે. ખરગસેનજી ફરીને પાછા સં. ૧૬૪૩ માં પુત્રલાભની ઈચ્છાથી સતીની યાત્રા કરવા ગયા. ત્યાંથી આવ્યા બાદ થોડા વખતે તેમને પુત્ર થયો; એનું નામ વિક્રમ. આ વિક્રમ એ જ આપણા પં. બનારસીદાસજી (વિ. સં. ૧૬૪૩ ના મહાસુદ અગિઆરસ ને રવિવારે તેમનો જન્મ થયો.)

બાલક વિક્રમ જ્યારે છ મહિનાનો થયો ત્યારે ખરગસેનજી સહકુટુંબ પાર્શ્વનાથ પ્રભુની યાત્રાએ કાશી ગયા. ભાવપૂર્વક પૂજન કરીને બાળક વિક્રમને પ્રભુચરણમાં નમસ્કાર કરાવ્યા; ત્યારે ત્યાંના પૂજારીએ કપટથી કહ્યું કે પાર્શ્વપ્રભુનો ભક્ત યક્ષ મને ધ્યાનમાં આવીને કહી ગયો છે કે પાર્શ્વપ્રભુની આ જન્મનગરીનું જે નામ છે (बनारस) તે જ નામ આ બાળકનું રાખવું, તેથી તે ચિરંજીવી થશે. આ ઉપરથી કુટુંબીજનોએ એ બાળકનું बनारसीदास નામ રાખ્યું. પાંચમા વર્ષે તેને સંગ્રહણી રોગ થયેલો, જેમ તેમ કરીને તે શાંત થયો ત્યાં શીતળાએ ઘેરો ઘાલ્યો. આ રીતે એક વર્ષ સુધી બાળકે અતીવ કષ્ટ ભોગવ્યું. સાત વર્ષની વયે શાળામાં પાંડે રૂપચંદજી પાસે વિદ્યાભ્યાસ શરૂ થયો. બેત્રણ વર્ષમાં કુશળ થઈ ગયા.

લગભગ ચારસો વર્ષ પહેલાનાં જે સમયનો આ ઈતિહાસ છે તે સમયે દેશમાં મુસલમાનોનું રાજ્ય હતું ને બાલવિવાહનો ઘણો પ્રચાર હતો; ૯ વર્ષની વયે ખેરાબાદના કલ્યાણમલજી શેઠની કન્યા સાથે બાલક બનારસીની સગાઈ થઈ ને ૧૧ વર્ષની વયે (સં. ૧૬૫૪ ના મહા સુદ ૧૨) વિવાહ થઈ ગયા. જે દિવસે નવવધુ ઘરમાં આવી તે જ દિવસે ખરગસેનને ત્યાં એક પુત્રીનો જન્મ થયો ને તે જ દિવસે તેની વૃદ્ધ નાની મરણ પામી. એક જ દિવસે એક જ ઘરમાં ત્રણ પ્રસંગ બનતાં પંડિતજી લખે છેઃ–

યહ સંસાર વિડંબના દેખ પ્રગટ દુઃખ વેદ
ચતુર–ચિત્ત ત્યાગી ભયે, મૂઢ ન જાણે ભેદ.

સોળ વર્ષની યુવાવસ્થામાં તેમને કોઢનો રોગ થયો, ને શરીર ગ્લાનિજનક બની ગયું; તે રોગ માંડમાંડ મટયો. યુવાવસ્થામાં દુરાચારના સંસ્કારથી હજાર ચોપાઈ–દોહાની એક શૃંગારપોષક પોથી તેમણે બનાવેલી, પણ પાછળથી સદ્બુદ્ધિ થતાં એ પોથી પશ્ચા–

ત્તાપપૂર્વક ગોમતી નદીમાં ફેંકી દીધી હતી. સં. ૧૬૬૦ માં તેમને ફરી પાછી મોટી બિમારી થયેલ, ૨૧ લાંઘણ બાદ તેઓ નીરોગ થયા.

સં. ૧૬૬૧ માં (૧૮ વર્ષની વયે) એક સંન્યાસી–બાવાએ બનારસીદાસજીને જાળમાં ફસાવ્યા, એક મંત્ર આપીને એક વર્ષ સુધી તેના જાપ કરવાથી રોજ એક સોનામહોર આંગણામાં પડેલી દેખાશે–એમ કહ્યું, બનારસીદાસજી એની જાળમાં ફસાયા ને મંડયા જાપ જપવા. માંડ માંડ વર્ષ પૂરું કર્યું ને સોનામહોરની ઉત્કંઠાથી આંગણું તપાસવા લાગ્યા, –પણ કાંઈ મળ્યું નહિ. સંન્યાસીની આ બનાવટથી એમની આંખ ઊઘડી.

પણ વળી પાછા એક બીજા જોગીએ તેમને ફસાવ્યા; એક શંખ આપીને કહ્યું કે આ સદાશિવ છે, તેની પૂજાથી મહા પાપી પણ શીઘ્ર મોક્ષ પામે છે.–બનારસીદાસજી મૂર્ખતાથી એ શંખની પૂજા કરવા લાગ્યા. આ મુર્ખાઈ સંબંધમાં તેઓ લખે છે કે–

**શંખરૂપ શિવ દેવ, મહા શંખ બનારસી,**
**દોઉ મિલે અબેબ, સાહિબ સેવક એકસે.**

સં. ૧૬૬૧ માં હીરાનંદજી ઓસવાલે શિખરજીની યાત્રાનો સંઘ કાઢયો, ખરગસેનજી પણ તેની સાથે યાત્રા કરવા ચાલ્યા. એ વખતે રેલ્વે વગેરે ન હતી. તેથી યાત્રામાં એકાદ વર્ષ વીતી જતું. સંઘ ઘણા દિવસે યાત્રા કરીને પાછો આવ્યો ત્યારે અનેક લોકો લૂંટાઈ ગયા, અનેક બીમાર થઈ ગયા ને અનેક મરી ગયા. ખરગસેનજી પણ રોગથી પીડિત થયા ને માંડ માંડ જોનપુર ઘરે પહોંચ્યા.

ખરગસેનજી શિખરજીની યાત્રાએ ગયા તે દરમિયાન પાછળથી બનારસીદાસજીને પાર્શ્વનાથજીની (બનારસની) યાત્રાનો વિચાર થયો, અને પ્રતિજ્ઞા કરી કે જ્યાંસુધી યાત્રા ન કરું ત્યાં સુધી દૂધ–દહીં–ઘી–ચાવલ–ચણા–તેલ વગેરે પદાર્થનો ભોગ નહીં કરું. આ પ્રતિજ્ઞાને છ મહિના વીતી ગયા બાદ કાર્તિકી પૂર્ણિમાએ ઘણા લોકો ગંગાસ્નાન માટે તથા જૈની લોકો પાર્શ્વનાથ પ્રભુની યાત્રા માટે બનારસ તરફ ચાલ્યા, તેમની સાથે બનારસીદાસજી પણ કોઈને પૂછયા વિના બનારસ ચાલ્યા ગયા. ત્યાં ગંગાસ્નાનપૂર્વક ભગવાન પાર્શ્વનાથની ભાવસહિત પૂજા કરી અને સાથે ત્યાં શંખપૂજા પણ કરતા હતા. યાત્રા કરીને, શંખ સાથે લઈને હર્ષપૂર્વક તેઓ ઘરે આવ્યા.

એકવાર તેઓ ઘરની સીડી ઉપર બેઠા હતા, ત્યાં ખબર સાંભળ્યા કે અકબર બાદશાહનું મૃત્યુ થયું. તે સાંભળતાં જ આઘાતથી તેઓ સીડી ઉપરથી નીચે પડી ગયા, ને માથામાં ફૂટ પડી તેથી કપડાં લોહીલૂહાણ થઈ ગયા. આ પ્રસંગ પછી એકાન્તમાં બેઠાબેઠા એકવાર તેને વિચાર આવ્યો કે–

જબ મૈં ગિર્યો પડયો મુરઝાય, તબ શિવ કછુ નહિં કરી સહાય.

આ વાતનું સમાધાન ન થવાથી તેમણે શંખરૂપ સદાશિવનું પૂજન છોડી દીધું, તેમના વિચારોમાં પરિવર્તન થયું ને વિવેકજ્યોત જાગી; હવે શ્રૃંગારરસ પ્રત્યે અરુચિ થવા લાગી. અને પશ્ચાત્તાપપૂર્વક પાપના ભયથી શ્રૃંગારરસની પોથીને ગોમતી નદીમાં પધરાવી દીધી. તેમની પરિણતિમાં પરિવર્તન થયું ને તેમને ધર્મની ચાહના પ્રગટી. પહેલાં સન્તાપરસના રસિયા બનારસી હવે જિનેન્દ્રના શાન્તરસમાં મગ્ન રહેવા લાગ્યા; પહેલાં ગલીકુંચીમાં ભટકનારા બનારસી હવે અષ્ટદ્રવ્ય સહિત જિનમંદિરમાં જવા લાગ્યા. જિનદર્શન વગર ભોજનત્યાગની તેમને પ્રતિજ્ઞા હતી; આ ઉપરાંત વ્રત–નિયમ–સામાયિકાદિ આચારો પણ તેઓ કરવા લાગ્યા.

સં. ૧૬૬૭માં (૨૪ વર્ષની વયે) પિતાજીએ ઘરનો કારભાર બનારસીને સોંપી દીધો; અને બે મુદ્રિકા, ૨૪ માણેક, ૩૪ મણિ, નવ નીલમ, વીસ પન્ના, કેટલુંક પરચુરણ ઝવેરાત, તથા ૪૦ મણ ઘી, બે કૂંપા તેલ, બસો રૂપિયાનાં કપડાં અને કેટલીક રોકડ રકમ આપીને વેપાર માટે આગ્રા મોકલ્યા. આગ્રાના મોતીકટરામાં તેમના બનેવીને ત્યાં ઊતર્યા ને વેપાર શરૂ કર્યો. ઘી, તેલ, કાપડ વેંચીને તેની હુંડી જૌનપુર મોકલી દીધી. તે વખતે આગ્રામાં ભલભલા લોકો ઠગાઈ જતાં, પણ સદ્‌ભાગ્યે બનારસીદાસજી ઉપર કોઈની દ્રષ્ટિ ન પડી. છતાં અશુભકર્મના ઉદયે તેમને ન છોડયા, બાંધેલું ઝવેરાત ક્યાંક ગૂમ થઈ ગયું, જે કપડામાં માણેક બાંધ્યા હતાં તે પોટલી ઊંદરડા તાણી ગયા; બે રત્નજડિત પોંચી જે શરાફને વેંચી હતી તેણે બીજે જ દિવસે દિવાળું કાઢયું, એક રત્નજડિત મુદ્રિકા રસ્તામાં પડી ગઈ; આમ ઉપરાઉપરી આપત્તિથી બનારસીનું હૃદય ક્ષુબ્ધ બની ગયું. પાસે જે કાંઈ વસ્તુ બચેલી તે વેંચીવેંચીને ખાવા માંડયું. અંતે પાસે કાંઈ ન રહ્યું ત્યારે બજારમાં જવાનું છોડી દીધું ને ઘરમાં જ રહીને પુસ્તક વાંચવા લાગ્યા. ચાર પાંચ શ્રોતાજનો તેમની પાસે શાસ્ત્ર સાંભળવા આવતા. તેમાં એક કચોરીવાળો હતો, તેમની પાસેથી રોજ કચોરી ઉધાર લઈને બનારસીદાસજી ખાતા હતા. ઘણા દિવસ બાદ તેને એકાન્તમાં કહ્યું કે ભાઈ, તમે ઉધાર આપો છો પણ મારી પાસે તો કાંઇ છે નહીં કે તમને આપું. માટે હવેથી ઉધાર આપવાનું બંધ કરો. પણ કચોરીવાળા ભાઈ ભલા આદમી હતા, ને બનારસીદાસજીની પરિસ્થિતિ જાણતા હતા; તેણે કહ્યું કે આપ પૈસાની પરવા ન કરશો, ચિન્તાની કોઈ વાત નથી, આપ ઉધાર લીધા કરો, સમય આવતાં બધું ચુકવાઈ જશે. આ રીતે છ મહિના વીતી ગયા. એકવાર શાસ્ત્ર સાંભળવા તારાચંદજી નામના ગૃહસ્થ આવ્યા, તેઓ બનારસીદાસજીના શ્વસુર થતા હતા; તેઓ બનારસીદાસજીને પોતાને ત્યાં તેડી ગયા, બે માસ બાદ ફરીને તેમણે વેપાર શરૂ કર્યો. ને કંઈક ધન કમાયા, તેમાંથી કચોરીવાળાનો હિસાબ ચુકતે કરીને ચૂકવી આપ્યો; કુલ ૧૪ રૂા. થયા હતા. આગ્રા જેવા શહેરમાં બે વખત પુરી–કચોરીનું સાત માસનું ખર્ચ માત્ર રૂા. ૧૪ આવ્યું–એવા એ વખતે સસ્તા ભાવ હતા. આ પ્રસંગમાં કચોરીવાળા ભાઈએ પોતાના

એક સાધર્મી પ્રત્યે સંકટ વખતે જે ઉદાર ભાવનાથી વાત્સલ્ય બતાવ્યું તે આ જમાનામાં અત્યંત અનુકરણીય છે. આજના જૈનસમાજને આવા વાત્સલ્યવંત ભાઈઓની ઘણી જરૂર છે. બનારસીદાસજીને વેપારમાં બે વર્ષે ૨૦૦ રૂા. ની કમાણી થઈ, ને એટલું જ ખર્ચ થયું. વેપારના અનેક પ્રયત્ન કર્યા પણ સફળતા ન મળી; અલીગઢની યાત્રાએ ગયા ત્યાં પ્રબલ તૃષ્ણાવશ પ્રભુ પાસે લક્ષ્મીની પ્રાર્થના કરી.

આ દરમિયાન તેમની પત્નીને ત્રીજો પુત્ર થયો, પણ માત્ર પંદર દિવસ જીવીને તે મૃત્યુ પામ્યો ને તેની માતાને પણ લઈ ગયો. પોતાની સાળી સાથે ફરી લગ્ન કર્યા; સં. ૧૬૭૩ માં તેમના પિતાનો સ્વર્ગવાસ થયો. ત્યારબાદ તેઓ આગ્રા ગયા. આગ્રામાં પ્લેગનો ભયંકર પ્રકોપ થયો. લોકો ભયભીત થઈને જંગલમાં રહેવા ગયા. સં. ૧૬૭૭ થી ૭૯ માં માતા, ભાર્યા તથા પુત્ર–ત્રણેનો સ્વર્ગવાસ થઈ ગયો. સં. ૧૬૮૦ માં ( ૩૭ મા વર્ષે ) ત્રીજી વાર લગ્ન કર્યા.

આગ્રામાં અર્થમલ્લજી નામના અધ્યાત્મરસિક સજ્જન હતા, તેઓ બનારસીદાસજીની કાવ્યશક્તિ દેખીને આનંદિત થતા, પણ તેમાં અધ્યાત્મિકરસનો અભાવ દેખીને દુઃખ પણ થતું. તેમણે એકવાર અવસર પામીને પં. રાજમલ્લજી રચિત સમયસાર–કલશટીકા આપીને તેની સ્વાધ્યાય કરવા કહ્યું; પરંતુ ગુરુગમ વગર તેમને અધ્યાત્મમાર્ગની સૂઝ ન પડી. તેમને અને તેમના મિત્રોને આત્મસ્વાદ તો આવ્યો નહિ ને ક્રિયાઓનો રસ મટી ગયો; એકવાર તો નગ્ન થઈને કોટડીમાં ફરવા લાગ્યા ને કહે કે અમે મુનિ થયા. એવામાં પં. રૂપચંદજી આગ્રામાં આવ્યા ને એકાન્તગ્રસિત બનારસીદાસજીને ગોમ્મટસારના અભ્યાસ દ્વારા ગુણસ્થાન અનુસાર જ્ઞાન–ક્રિયાઓનું વિધાન સમજાવ્યું; તે સમજતાં તેમની આંખો ખૂલી ગઈ.–

**તબ બનારસી ઔરહિ ભયો,**
**સ્વાદ્વાદ પરણતિ પરિણયો,**
**સુનિ સુનિ રૂપચંદ કે વૈન,**
**બનારસી ભયો દિઢ જૈન.**
**હિરદેમેં કછું કાલિમા,**
**હુ તી સરદહન બીચ,**
**સોઉ મિટિ, સમતા ભઈ,**
**રહી ન ઊંચ ન નીચ.**

કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસારની જે ટીકા અમૃતચંદ્રાચાર્યદેવે કરી છે અને જે ટીકાના અધ્યાત્મરસઝરતા કળશો ઉપર પં. શ્રી રાજમલ્લજીએ (બનારસીદાસજીની પૂર્વે સોએક વર્ષ પહેલાં) અધ્યાત્મની ખૂમારીથી ભરપૂર કળશટીકા રચી છે, તે પંડિત બનારસીદાસજીને અત્યંત પ્રિય હતી; તે કળશટીકા–સંબંધમાં તેઓ લખે છે કે–

**પાંડે રાજમલ્લ જિનધર્મી સમયસાર નાટકકે મર્મી,**
**તિન્હેં ગ્રંથકી ટીકા કીની બાલબોધ સુગમ કર દીની.**

આ કળશટીકા ઉપરથી આપણા કવિરાજે છંદબદ્ધ પદ્યરૂપ નાટક–સમયસારની રચના કરી; સં. ૧૬૯૩ ના આસો સુદ ૧૩ ને રવિવારે તે પૂર્ણ થઈ. તે વખતે આગ્રામાં બાદશાહ શાહજહાંનું રાજ્ય હતું. પંડિતજીએ પંચાવન વર્ષ સુધીનું પોતાનું કથાનક (જે અર્ધકથાનક કહેવાય છે તે) લખ્યું છે. ત્યારપછી લોકવાયકા–અનુસાર કેટલાક પ્રસંગોનો ઉલ્લેખ સમયસાર નાટકની પીઠિકામાં છે. પં. શ્રી બનારસીદાસજીની મુખ્ય રચના સમયસાર નાટક, તે ઉપરાંત બનારસીવિલાસ, જિનેન્દ્રદેવના ૧૦૦૮ નામોની નામમાળા (સહસ્ર અઠ્ઠોતરી), અર્ધકથાનક (આત્મકથા) અને પરમાર્થવચનિકા તથા ઉપાદાન–નિમિત્તની ચિઠ્ઠી તેમણે લખેલ છે. પં. શ્રી બનારસીદાસજીનું જીવન પહેલાં કેવું હતું ને પછી અધ્યાત્મરસવડે કેવું ઉજ્વળ બન્યું તે આપણને તેમના જીવનચરિત્રમાં દેખાય છે, ને અધ્યાત્મરસમય ઉજ્વળ જીવનની પ્રેરણા આપે છે. **જૈનશાસનમાં ભગવાન તીર્થંકરદેવથી માંડીને એક નાનામાં નાના સમ્યગ્દ્રષ્ટિનું જીવન પણ ઉજ્વળ, પ્રશંસનીય ને આરાધનાની પ્રેરણા દેનારું છે; તે ધર્મજીવન ધન્ય છે.**



# આત્મા શું છે ને તે શું કરે છે?

( સમયસાર કલશ ૬૨ ઉપરનું પ્રવચનઃ ગતાંકથી ચાલુ )

**આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેનું કાર્ય જ્ઞાનથી બહાર ન હોય. જ્ઞાનથી બહાર અન્ય ભાવમાં આત્માનું કર્તૃત્વ માનવું તે અજ્ઞાનીનો મોહ છે. ભેદજ્ઞાનવડે જ્ઞાન અને પરભાવને ભિન્ન જાણીને, જે પરભાવનું કર્તૃત્વ છોડે છે ને જ્ઞાનભાવપણે પરિણમે છે તે જ્ઞાની છે.**

અનાદિથી જીવે શું કર્યું? કે પોતાને ભૂલીને અજ્ઞાન અને રાગદ્વેષ કર્યા છે; ચિદાનંદતત્ત્વનું જ્ઞાન કરીને સ્વસન્મુખપણે આત્મા વીતરાગી જ્ઞાનભાવનો કર્તા થાય છે.–અને એ જ્ઞાનભાવ જ આત્માનું ખરું કાર્ય છે.

જ્ઞાનથી ભિન્ન પરનું કર્તૃત્વ માનીને દુનિયા પાગલ બની છે. મોહ કહો કે પાગલપણું કહો. પરનો કર્તા આત્મા થાય એ વાત જ જૂઠી છે. ભાઈ, તારી ચૈતન્યજાત શું છે તેને તું જાણ. તારી ચૈતન્યવસ્તુને જોવા માટે હજાર સૂર્ય જેવા તારા જ્ઞાનચક્ષુને ખોલ. પરનાં કામનું કુતૂહલ છોડીને ચૈતન્યવસ્તુને જાણવાનું કુતૂહલ કર. અંતરમાં આનંદનો સ્તંભ ચૈતન્યકંદ છે, તેના અનુભવની અપૂર્વતા છે. આવા આત્માની જેને અનુભૂતિ હોય તેને જ બારઅંગની લબ્ધિ ઊઘડી શકે છે. બારઅંગની લબ્ધિ શુદ્ધાત્માની અનુભૂતિ વગર હોય નહિ. દિવ્યધ્વનિમાંથી નીકળેલા જે બારઅંગ તેમાં પણ ભગવાને શુદ્ધઆત્માની અનુભૂતિ કરવાનું કહ્યું છે, ને તેને જ મોક્ષમાર્ગ કહ્યો છે.

હે ભાઈ, આ આત્મવસ્તુ અનુભવ કરવા જેવી છે તેનો તું નિર્ણય કર, તેની મહત્તાને લક્ષમાં લઈને તેની રુચિ કર,–ને તારા પ્રયત્નને તે તરફ વાળ. અંતરમાં શીતળ–શીતળ ચૈતન્યબિંબ પડયું છે, જેની છાયામાં પરમ શાંતિ ને નિરાકુળતાનું વેદન છે. જ્ઞાનસ્વરૂપ આત્મા તો આવા કાર્યને કરે તે તેનું ખરું કાર્ય છે.

જ્ઞાનમય આવા કાર્ય સિવાય બીજું કાર્ય તે સંસારનું કારણ છે; બીજાું કાર્ય એટલે શરીરાદિ જડનું કાર્ય નહિ પણ શુભ–અશુભ રાગાદિ ભાવો, તેને અજ્ઞાની સ્વકાર્ય માનીને, તેનો તે કર્તા થાય છે. આ કાર્ય અજ્ઞાનીનું છે. ધર્માત્માની દ્રષ્ટિ શુદ્ધ સ્વદ્રવ્ય ઉપર છે, તે દ્રષ્ટિમાં તેને નિર્મળભાવની ઉત્પત્તિ થાય છે, તે નિર્મળભાવ જ ધર્મીનું કાર્ય છે. અહીં તો સાચો આત્મા જ તેને કહ્યો કે જે નિર્મળ જ્ઞાનભાવને કરે. રાગાદિ અશુદ્ધતાને કરે તે આત્માનું સાચું સ્વરૂપ નથી. સ્વભાવ જેવો છે તેવો શ્રદ્ધા–જ્ઞાનમાં લેતાં તેના જેવી નિર્મળ પરિણતિ

થઈ ત્યાં ધર્મી જીવ અબંધ થયો, તેને બંધન થતું નથી. શુદ્ધ સ્વભાવને પ્રતીતમાં લઈને અનુભવમાં એનો સ્વાદ ચાખીને તેના રંગથી ધર્મીજીવ ચૈતન્યને સાધવા નીકળ્યો, તેના મનમાં એક શુદ્ધ ચેતનસ્વભાવ સિવાય રાગાદિ અન્ય ભાવોને હવે સ્થાન નથી, તેની આરાધનામાં હવે ભંગ પડવાનો નથી. હવે કદી રાગાદિ પરભાવની પ્રીતિ થવાની નથી ને ચૈતન્યનો પ્રેમ છૂટવાનો નથી; રાગમાં અમારો ઉત્સાહ કદી જવાનો નથી. કોઈ પરભાવ આવીને અમારા ચૈતન્યના ઉત્સાહનો રંગ લઈ જાય–એમ બનવાનું નથી. હે પ્રભો! આપના કૂળની પરંપરાનો જે માર્ગ છે તે માર્ગે હું ચાલ્યો આવું છું. જે રસ્તે આપ ચાલ્યા તે જ રસ્તે હું આવું છું. હું આપના કૂળનો છું, ને એ જ મારા કૂળના વટની રીત છે. આમ જ્ઞાનસ્વભાવના કાર્યને કરતો ધર્મી જીવ મોક્ષને સાધે છે.

અજ્ઞાનીના બધાય પરિણામ અજ્ઞાનમય છે; જ્ઞાનીના બધાય પરિણામ જ્ઞાનમય છે. અજ્ઞાનીને જ્ઞાન અને રાગની જુદાઈનો અનુભવ નથી, તેને એકમેકપણે જ તે અનુભવે છે તેથી તેના બધાય પરિણામ રાગાદિ પરભાવ સાથે ભેળસેળવાળા અજ્ઞાનમય છે; ને જ્ઞાનીને તો જ્ઞાન અને રાગ વચ્ચે અત્યંત જુદાઈનો અનુભવ છે, તે બંનેને અત્યંત ભિન્ન અનુભવે છે, જ્ઞાનપરિણામને રાગાદિ સાથે જરાય ભેળવતા નથી, તેથી તેના બધાય પરિણામ રાગ સાથે ભેળસેળ વગરના શુદ્ધ જ્ઞાનમય છે. એવા જ્ઞાનમય પરિણામને લીધે જ્ઞાનીને બંધનનો અભાવ છે. આવું જ્ઞાનીનું જ્ઞાનકાર્ય છે, તેનું નામ ધર્મ ને મોક્ષમાર્ગ છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે નિજસ્વરૂપને ઓળખીને આવું જ્ઞાનકાર્ય કરે, તે તેનું સાચું કાર્ય છે. એનાથી વિરુદ્ધ બીજા ભાવને આત્માનું કાર્ય માનવું તે અજ્ઞાનીનું અશુદ્ધ કાર્ય છે. આમ જાણીને હે જીવ! શુદ્ધ જ્ઞાનસ્વભાવની સન્મુખતાથી જ્ઞાનમય ભાવરૂપ તારા સ્વકાર્યને કર.

પ્રશ્નઃ– જ્ઞાનીનેય રાગ તો હોય છે?

ઉત્તરઃ– રાગ અને નિર્મળ જ્ઞાનપરિણામ બંને એકસાથે હોવા છતાં જ્ઞાની તે કાળે રાગ સાથે તન્મયપણે નથી ઉપજ્યા. પણ રાગથી ભિન્ન જ્ઞાનપરિણામમાં જ તન્મયપણે ઉપજ્યા છે, માટે જ્ઞાની તે કાળે જ્ઞાનના જ કર્તા, છે, રાગના કર્તા નથી. તેના જ્ઞાનમાં તન્મયપણે રાગ નથી વર્તતો, રાગનું જ્ઞાન થયું તે જ્ઞાન સાથે તન્મયપણું છે. આ રીતે તેને જ્ઞાનપરિણામ જ્ઞાનજાતિપણે જ વર્તે છે; જ્ઞાનપરિણામ રાગપણે થતા નથી માટે જ્ઞાની જ્ઞાનભાવનો જ કર્તા છે. આવું સ્વરૂપ સમજવું તે અપૂર્વ ભેદજ્ઞાન છે.

# આત્માને સાધવાની રીત

( કલશટીકા-પ્રવચન )

**સન્તો આત્માને સાધવાની એવી મજાની વાત સંભળાવે છે કે મોહનિદ્રાનું ઝોલું ઊડી જાય ને સ્વાનુભવનો ઉલ્લાસ જાગે. સ્વાનુભવનો ઉલ્લાસ થતાં પરભાવનો ઉલ્લાસ છૂટી જાય ને પરિણતિ અંતરમાં વળતાં અપૂર્વ સ્વાનુભવ પ્રગટે.**

**आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः।**
**दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथाः।।१९।।**

શુદ્ધતાનો વિકલ્પ કે અશુદ્ધતાનો વિકલ્પ, તેના વડે કાંઈ સાધ્યની સિદ્ધિ થતી નથી, એટલે કે સ્વાનુભવ થતો નથી, મોક્ષમાર્ગ થતો નથી. કઈ ક્રિયાથી મોક્ષમાર્ગ થાય? તો કહે છે કે 'स्वानुभूत्या चकासते' એટલે સ્વાનુભૂતિની ક્રિયાથી આત્મા શુદ્ધપણે અનુભવાય છે તે જ મોક્ષમાર્ગ છે, તે જ શુદ્ધાત્મારૂપ સાધ્યની સિદ્ધિનો ઉપાય છે.

બહારની બીજી ક્રિયાઓ તો દૂર રહો, અંદરમાં આત્માના સ્વરૂપના સરાગ-વિચારની જે ક્રિયા, તેના વડે પણ ધર્મ નથી. સમસ્ત વિભાવને મટાડવાનો જેનો સ્વભાવ છે-એવા શુદ્ધાત્માના અનુભવની પ્રાપ્તિ તેના વિકલ્પ વડે થતી નથી. અરે, આવા અનુભવની વાત સાંભળતાંય ઝોલાં ઊડી જાય; અનાદિનું મોહનિદ્રાનું ઝોલું તેને સ્વાનુભવ વડે ઉડાડવાની આ વાત છે. સ્વાનુભવનો ઉલ્લાસ કરતાં આત્મા જાગી ઊઠે. ને પરભાવનો ઉલ્લાસ છૂટી જાય, પરિણતિ અંતરમાં વળતાં અપૂર્વ સ્વાનુભવ પ્રગટે.

જુઓ, આ આત્માને સાધવાની રીત! સાધ્ય જે શુદ્ધઆત્મા તેને સાધવાની એટલે તેનો અનુભવ કરવાની રીત આ છે કે અંતર્મુખપરિણતિ વડે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવા. એનાથી જ શુદ્ધ આત્માની સિદ્ધિ છે, બીજા કોઈ પ્રકારથી શુદ્ધઆત્માને સાધી શકતો નથી.

શ્રુતજ્ઞાનવડે માત્ર વિચાર કર્યા કરે કે આત્મા આ રીતે અનેકરૂપ છે, આ રીતે એકરૂપ છે, આ રીતે અશુદ્ધ છે, આ રીતે શુદ્ધ છે–તો તેમાં ઘણાય વિકલ્પો ઊઠે છે પણ આત્માના સ્વરૂપનો અનુભવ થતો નથી. અતીન્દ્રિય આનંદના વેદનસહિત જે સમ્યગ્દર્શન થાય છે તે કાંઈ એવા વિકલ્પરૂપ વિચારોવડે થતું નથી. જિજ્ઞાસુદશામાં એવા વિચારોની ધારા હોય છે, પણ પછી તે વિકલ્પથી પણ આઘો ખસીને જ્ઞાનને અંતરમાં લઈ જાય–ત્યારે જ નિર્વિકલ્પ અનુભૂતિમાં ભગવાન આત્મા અતીન્દ્રિયઆનંદસહિત પ્રગટ થાય છે.–આનું નામ સમ્યક્ત્વ; ને આ આત્માને સાધવાની રીત.

પ્રશ્નઃ– શ્રુતના વિચાર ને વિકલ્પ તે અનુભવ નથી, તો અનુભવ શું છે? કેવી દશાને તમે અનુભવ કહો છો?

ઉત્તરઃ– પ્રત્યક્ષરૂપે વસ્તુના સ્વાદનું વેદન થાય તેનું નામ અનુભવ છે. આત્માના વિચાર તે અનુભવ નથી, પણ તેના સ્વરૂપના આનંદનું સીધું વેદન તે અનુભવ છે.– આવું વેદન કરે ત્યારે જ સમ્યગ્દર્શન થાય.

વિચાર અર્થાત્ ભેદના વિકલ્પ તે કાંઈ વસ્તુસ્વરૂપ નથી, તેમાં કાંઈ વસ્તુનો સ્વાદ નથી, તેમાં તો આકુળતાનો સ્વાદ છે; ચૈતન્યનો સ્વાદ તો શાંત–અતીન્દ્રિય–આનંદથી ભરેલો છે, તેમાં આકુળતા નથી.–આવો સ્વાદ અનુભવમાં સીધો આવે છે. જેમ ગરમીના દિવસોમાં મોઢામાં ઠંડા આઈસક્રીમનો લચકો ચૂસે ને ઠંડો–મીઠો સ્વાદ આસ્વાદે, તેમ સ્વાનુભવમાં ચૈતન્યના શીતળ ચોસલાનો અતીન્દ્રિય શાંત આનંદસ્વાદ સીધેસીધો ધર્મીને આસ્વાદમાં આવે છે. આઈસક્રીમનો સ્વાદ તો ઇન્દ્રિયગમ્ય છે ને અનુભવમાં તો લોકોત્તર અતીન્દ્રિય સ્વાદ છે,–એ સ્વાદ કોઈ દ્રષ્ટાંતથી બતાવી ન શકાય.

'સ્વાનુભવ' માં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે સમાય છે, ને તેના વડે જ મોક્ષની સિદ્ધિ થાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણેય રાગમાં નથી. પણ સ્વાનુભવમાં છે; –આવા કારણના સેવનથી મોક્ષકાર્ય સધાય છે. સમ્યગ્દર્શન તે શુદ્ધસ્વરૂપના અવલોકનરૂપ છે, તેમાં રાગ નથી; સમ્યગ્જ્ઞાન તે શુદ્ધસ્વરૂપને સાક્ષાત્ જાણવારૂપ છે, તેમાં વિકલ્પ નથી; સમ્યક્ચારિત્ર તે શુદ્ધસ્વરૂપમાં આચરણરૂપ છે–તેમાં પણ રાગ નથી. આવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ મોક્ષનાં કારણ છે ને એ ત્રણે પણ સ્વાનુભવ વડે જ થાય છે, માટે સ્વાનુભવ વડે જ મોક્ષની સિદ્ધિ છે.

પ્રશ્નઃ– આપે સ્વાનુભવને મોક્ષમાર્ગ કહ્યો, તો એટલો જ મોક્ષમાર્ગ છે? કે બીજો પણ કાંઈ મોક્ષમાર્ગ છે?

ઉત્તરઃ– મોક્ષને માટે આ એક જ માર્ગ છે, ને બીજા કોઈ પ્રકારથી મોક્ષમાર્ગ નથી. મોક્ષરૂપ સાધ્યની સિદ્ધિ આવા મોક્ષમાર્ગથી જ થાય છે, બીજી કોઈ રીતે સાધ્યની સિદ્ધિ નથી....નથી. માટે શુદ્ધાત્માને અનુભવવો તે જ મોક્ષાર્થીનું કર્તવ્ય છે.

ભાઈ, તારું ધ્યેય તો લક્ષમાં લે....ધ્યેય સાચું હશે તો તે તરફનો પુરુષાર્થ ઉપડશે. ધ્યેય જ ખોટું હશે તો સાચો પુરુષાર્થ ક્યાંથી આવશે? વિકલ્પ અને વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ છે જ નહિ, શુદ્ધાત્માનો આશ્રય કરવો તે એક જ મોક્ષમાર્ગ છે. જે વિકલ્પને–વ્યવહારને–રાગને મોક્ષમાર્ગ માને તે વિકલ્પના જ અનુભવમાં અટકી રહે, પણ તેનાથી આઘો જઈને શુદ્ધાત્માને અનુભવે નહિ, એટલે શુદ્ધાત્માની સાધ્યસિદ્ધિ તેને થાય નહિ. શુદ્ધાત્માની અનુભૂતિ તે જ મોક્ષમાર્ગ છે–એમ માર્ગ નક્કી કરે તો તે તરફનો સમ્યક્ પુરુષાર્થ ઉપાડીને સાધ્યની સિદ્ધિ કરે. આ રીતે જ સાધ્યની સિદ્ધિ છે,–બીજા પ્રકારે સાધ્યની સિદ્ધિ નથી. इतना ही मोक्षमार्ग है આટલો જ મોક્ષમાર્ગ છે, એટલે કે આ જ મોક્ષમાર્ગ છે, એટલે કે આ એક જ મોક્ષમાર્ગ છે, બીજો મોક્ષમાર્ગ નથી, બીજા પ્રકારે મોક્ષમાર્ગ નથી.

## મોક્ષની ઠંડી હવા

**ગીષ્મના તીવ્ર તાપથી સંતપ્ત જીવ સરોવરના કિનારે જાય છે ત્યાં તેને ઠંડી હવા આવે છે ને ખાતરી થઈ જાય છે કે હવે પાણી નજીકમાં જ છે.....તેમ સંસારભ્રમણના તીવ્ર દુઃખથી સંતપ્ત થયેલા જે જીવને આત્માના ધર્મની ખરેખરી રુચિ થઈ તેને અંતરથી અપૂર્વ શાંતિના ભણકાર આવે છે, મોક્ષની નીકટતાની હવા આવે છે, કદિ નહિ અનુભવેલી એવી શાંતિ તેના પરિણામમાં વેદાય છે અને હવે મોક્ષ નજીકમાં જ છે–એમ તેને નિઃસંદેહ ખાતરી થઈ જાય છે.**

# અનુભૂતિથી બહાર બીજો માર્ગ નથી....નથી.....નથી

( કલશટીકા-પ્રવચન )

**શુદ્ધ આત્માની સ્વાનુભૂતિરૂપ જે મોક્ષમાર્ગ છે તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે, એના વડે જ સાધ્યરૂપ શુદ્ધઆત્માની સિદ્ધિ થાય છે, એના સિવાય બીજા કોઈ પણ ઉપાયથી સાધ્યની સિદ્ધિ થતી નથી. સંતો આવા માર્ગ વડે આત્માને સાધતાં સાધતાં, જગતને નિઃશંકપણે તેની રીત બતાવે છે કે આત્માને સાધવાનો આ જ માર્ગ છે, બીજો માર્ગ નથી....નથી.**

कथमपि समुपात्तत्रित्वमप्येकताया
अपतितमिदमात्म ज्योतिरूद्‌गच्छदच्छम्।
सततमनुभवामोऽनं तचैतन्यचिह्नं
न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धि।।२०।।

વ્યવહારે સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્‌ચારિત્ર એવું ત્રણપણું અંગીકાર કર્યું હોવા છતાં આત્મજ્યોતિએ પોતાનું એકપણું છોડયું નથી; અનંતચૈતન્યચિહ્નવાળી આ આત્મજ્યોતિને આચાર્યદેવ અનુભવે છે; પોતે નિઃશંક કહે છે કે અમે આવી આત્મજ્યોતિને સતત અનુભવીએ છીએ. કેમકે એના અનુભવથી જ સાધ્યની સિદ્ધિ છે. અનુભૂતિથી બહાર બીજા કોઈ માર્ગે સાધ્યની સિદ્ધિ ચોક્કસ નથી...નથી.

શુદ્ધાત્માનો અનુભવ તે જ મોક્ષમાર્ગ છે. તેના વડે જ સાધ્યની સિદ્ધિ છે, એના સિવાય બીજા કોઈ પ્રકારે સાધ્યની સિદ્ધિ થતી નથી.–આમ મોક્ષમાર્ગનો નિયમ બતાવ્યો.

પછી કહે છે કે અમે સતતપણે આવા ચૈતન્યપ્રકાશને અનુભવીએ છીએ,–એટલે પોતાનું ઉદાહરણ આપીને બીજા મુમુક્ષુઓને પણ તેની પ્રેરણા આપી કે હે મુમુક્ષુઓ ! તમે પણ આવા સ્વભાવને જ અનુભવો. અમે આવા અનુભવથી મોક્ષમાર્ગને સાધી રહ્યા છીએ ને તમે પણ આવો જ અનુભવ કરો. એના સિવાય કોઈ અન્ય પ્રકારે સાધ્યની સિદ્ધિ નથી...જ નથી.

જુઓ, આ મોક્ષમાર્ગ સાધવાની સ્પષ્ટ રીત. એક જ રીત છે; બીજી કોઈ રીત નથી. કઈ રીત? કે શુદ્ધ ચૈતન્યજ્યોતિરૂપ આત્માનો અનુભવ કરવો તે જ મોક્ષને સાધવાની રીત છે. અનુભવ સિવાય બીજા કોઈ વડે (રાગવડે, વ્યવહારવડે) મોક્ષમાર્ગ સધાતો નથી.

શુદ્ધ ચૈતન્યપ્રકાશી આત્મા છે, તે રાગ સાથે તન્મય નથી, એટલે તેનો અનુભવ રાગથી જુદો છે, આત્માની જે અનુભૂતિ મોક્ષની સાધક છે તે તો નિર્મળ–નિર્મળ ચૈતન્ય–ભાવપણે જ પરિણમે છે, તે રાગપણે પરિણમતી નથી, તેનું પરિણમન ચૈતન્યતેજથી ભરેલું છે, તે પરિણમનમાં કાંઈ મલિનતા આવી જતી નથી.–આવી દશાનું નામ મોક્ષમાર્ગ છે.

અનુભવમાં આવતી ચૈતન્યજ્યોતિ અનંત ચૈતન્યચિહ્નરૂપ છે; સ્વાનુભૂતિરૂપ જ્ઞાન પણ અતિ–બહુ સામર્થ્યવાળું છે, આખા ચૈતન્યસ્વભાવને સ્વાનુભવમાં લઈ લેવાની મહાન તાકાત એનામાં જ છે, એના સિવાય રાગમાં કે ઇન્દ્રિયજ્ઞાનમાં એવી તાકાત નથી.–માટે આવા જ્ઞાનવડે સ્વાનુભવથી શુદ્ધાત્માનો પ્રત્યક્ષ આસ્વાદ લેવો–તે સાધ્યની સિદ્ધિનો ઉપાય છે.

આશંકાઃ –આપે તો સ્વાનુભવ ઉપર જ ઘણું જોર આપીને, તેનો જ દ્રઢપણે વારંવાર ઉપદેશ આપ્યો, ફરી ફરીને એનો જ મહિમા કર્યો,–તેનું શું કારણ છે?

ઉત્તરઃ– ભાઈ, એ સ્વાનુભવથી જ સાધ્યની સિદ્ધિ થાય છે– ‘न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धि–એના સિવાય બીજા કોઈ ઉપાયથી સાધ્યસિદ્ધિ થતી નથી.– માટે સ્વાનુભવ એ જ મુખ્ય વસ્તુ છે. જેવું શુદ્ધસ્વરૂપ છે તેવો જ તેનો શુદ્ધઅનુભવ કરવાથી તે શુદ્ધપણે પ્રગટે છે; આત્માના મોક્ષની સિદ્ધિનો આ જ ઉપાય છે.–બીજો ઉપાય નથી,–એ નિશ્ચય છે. માટે મોક્ષાર્થી જીવો સતત્ આવા અનુભવનો જ ઉદ્યમ કરો.

એક શુદ્ધઅનુભવ ને બીજો રાગ–એ બે ભેગાં થઈને કર્મના નાશનું કારણ થાય– એમ અજ્ઞાનીની માન્યતા છે. અહીં સ્પષ્ટ કહે છે કે એક શુદ્ધાત્મઅનુભવ સિવાય બીજું કોઈ કર્મના નાશનું કારણ નથી–નથી–નથી.

* સંતો શુદ્ધાત્માના અનુભવનો ઉપદેશ આપે છે કેમકે તેનાથી જ મોક્ષમાર્ગ થાય છે.

* જીવનમાં હમણાં જ આવો અનુભવ કરવા જેવો છે, અનુભવ જીવન એ જ સાચું જીવન છે.

* હે જીવ! અતીન્દ્રિય આનંદનો સ્વાદ સ્વાનુભવમાં છે, બીજે ક્યાંય એ આનંદ નથી.

# વિ....વિ....ધ
# વ....ચ....ના....મૃ....ત

## ( આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંક : ૧૨ )

## ( ૧૭૧ ) બલિહારી સંતોની

જ્ઞાની સંસારમાં ગૃહસ્થપણામાં રહ્યા હોય, રાગ–દ્વેષ–ક્રોધાદિ કલેશપરિણામ અમુક થતાં હોય, પણ એને એની લાળ લંબાતી નથી, કેમકે એ જ વખતે ભિન્નતાનું ભાન ભેગું છે. સંસારના ગમે તેવા કલેશપ્રસંગો કે પ્રતિકૂળ પ્રસંગો આવે, પણ જ્યાં ચૈતન્યના ધ્યાનની સ્ફૂરણા જાગી ત્યાં તે બધાય કલેશો ક્યાંય ભાગી જાય છે; ગમે તેવા પ્રસંગમાંય એના શ્રધ્ધા–જ્ઞાન ઘેરાઈ જતા નથી. જ્યાં ચિદાનંદ–હંસલાનું સ્મરણ કર્યું ત્યાં જ દુનિયાના બધા કલેશો અલોપ થઈ જાય છે; તો એ ચૈતન્યના અનુભવમાં તો કલેશ કેવો ? એમાં તો એકલો આનંદ છે,...એકલી આનંદની જ ધારા વહે છે. વાહ ! બલિહારી છે આવા સન્તોની.

## ( ૧૭૨ ) સુખની શ્રદ્ધા

જેમ સિદ્ધભગવંતો કોઈપણ બાહ્યવિષયો વગર જ પોતાના આત્માથી જ સુખી છે. તેમ મારું સુખ પણ મારા આત્મામાં જ છે; સુખ તે આત્માનો સ્વભાવ જ છે. તે ક્યાંય બહારથી નથી આવતું–એવો જેણે નિશ્ચય કર્યો તેને પાંચ ઈન્દ્રિયના કોઈ પણ વિષયમાં સુખની કલ્પના છૂટી જાય છે. મારું સુખ મારા સ્વભાવમાં જ છે–એમ જ્યાં સુધી શ્રદ્ધા ન થાય ને પોતાના આત્મસુખનો પોતાને અનુભવ ન થાય ત્યાંસુધી કોઈને કોઈ પ્રકારે પરમાં સુખની કલ્પના, મોહ, અને બાહ્ય વિષયોની આકુળતા મટે નહિ.

## ( ૧૭૩ ) જડીબુટ્ટી

ચૈતન્યસ્વરૂપનું ચિંતન કરવું તે સંસારના સર્વ દુઃખોનો થાક ઉતારવાની જડીબુટ્ટી છે. માટે કહે છે કે અરે જીવો ! આ ચૈતન્ય–સ્વરૂપના ચિન્તનમાં કલેશ તો જરા પણ નથી ને તેનું ફળ મહાન છે, મહાન સુખની તેના ચિન્તનમાં પ્રાપ્તિ થાય છે, તો એને કેમ ધ્યાનમાં ચિન્તવતા નથી ! ને બહારમાં જ ઉપયોગને કેમ ભમાવો છો ? આ ચૈતન્યના ચિન્તનરૂપ જડીબુટ્ટી તમારી પાસે જ છે, એને સૂંઘતાં જ સંસારના સર્વકલેશનો થાક ક્ષણભરમાં ઊતરી જશે.

## ( ૧૭૪ ) સ્વરૂપસાધનમાં એકનું જ અવલંબન

નિજસ્વરૂપની સાધના પોતાના સ્વભાવના જ અવલંબને થાય છે, તેમાં બીજા કોઈનું પણ અવલંબન કામ આવતું નથી. માટે હે

ભવ્ય ! સમસ્ત પરદ્રવ્યોથી નિરાલંબી થઈને તારા સ્વદ્રવ્યનું એકનું જ અવલંબન લે. પરના અવલંબને સ્વરૂપની સાધના થતી નથી; સ્વના જ અવલંબને સ્વરૂપની સાધના થાય છે.

## ( ૧૭૫ ) લક્ષ્મીની ગતિ

* પુણ્ય હોય ત્યાં સુધી, લક્ષ્મી ખરચવાથી ખૂટતી નથી.
* અને પુણ્ય ખૂટતાં, ગમે તેટલા પ્રયત્ન કરે તોપણ લક્ષ્મી રહેતી નથી.
* અધ્રુવ એવી લક્ષ્મીની સૌથી ઉત્તમ ગતિ એ છે કે દેવ–ગુરુ–શાસ્ત્રની સેવાના સત્કાર્યમાં તેનો ઉપયોગ કરવો.

## ( ૧૭૬ ) તું ધનનો માલિક કે રખોપિયો ?

જેને પુણ્યોદયથી કંઈક ધન મળ્યું છે, પરંતુ જો દેવ–ગુરુ–ધર્મની સેવા, દાન વગેરે સત્કાર્યોમાં તે ધનને તે નથી વાપરી શકતો અને માત્ર કુટુંબ–સ્ત્રી–પુત્રાદિને માટે જ ધન ભેગું કરીને પાપ બાંધે છે, તો તે જીવ ખરેખર ધનનો માલિક નથી પણ ધનનો દાસ છે, રખોપિયો છે. ભાઈ, તેં પૂર્વે કાંઈક પુણ્યભાવ કર્યા તેથી તને આ લક્ષ્મી વગેરે મળ્યું તો હવે આત્મહિતના નિમિત્ત તરફ વલણ કરીને, ધનાદિની તીવ્ર તૃષ્ણા છોડ ને દેવ–ગુરુ–ધર્મના સત્કાર્યોમાં તેનો ઉપયોગ કર. કુટુંબ વગેરે માટે લક્ષ્મી સંઘરી રાખવાનો ભાવ તેમાં તો તને પાપ બંધાય છે; ને દેવ–ગુરુ–ધર્મ માટે લક્ષ્મી વાપરવાનો ઉત્સાહ તેમાં ધર્મનો પ્રેમ પોષાય છે, ને પુણ્ય બંધાય છે. માટે તારા પરિણામનો વિવેક કરીને વર્ત.

## ( ૧૭૭ ) પુણ્યના માર્ગ અનેક, ધર્મનો માર્ગ એક

જગતમાં પુણ્યના માર્ગ ઘણા છે, પણ ધર્મનો માર્ગ એક જ છે કે નિજસ્વભાવનો આશ્રય કરવો. જેટલા શુભરાગના પ્રકારો છે તેટલા પુણ્યના પ્રકારો છે, ધર્મ તો સર્વ રાગ– રહિત વીતરાગભાવરૂપ એક જ પ્રકારનો છે. સમ્યગ્દર્શનથી શરૂ કરીને ઠેઠ કેવળજ્ઞાન સુધી જેટલા વીતરાગતાના અંશો છે તેટલો જ ધર્મ છે, જેટલા રાગના અંશો ( દશમા ગુણસ્થાન સુધી ) છે તે ધર્મ નથી. આમ ધર્મમાર્ગ ને પુણ્યમાર્ગ ભિન્નભિન્ન છે. પુણ્યનો માર્ગ તે કાંઈ ધર્મનો માર્ગ નથી.

## ( ૧૭૮ ) જાણવાનો સ્વભાવ આત્માનો છે, ઇન્દ્રિયોનો નહિ

પાંચ ઇન્દ્રિયોદ્વારા તો તે–તે ઇન્દ્રિયના એક વિષયનું જ જ્ઞાન થાય છે, પણ ખરેખર જાણનારો આત્મા છે. તે પાંચ ઇન્દ્રિયોથી જુદો રહીને પાંચે ઇન્દ્રિયોના વિષયને જાણે છે.

આંખ દેખે છે એમ નથી થતું પણ આંખ દ્વારા હું દેખું છું–એમ થાય છે, તે એમ સૂચવે છે કે જાણનારો આંખથી જાુદો છે.

જીભ રસને જાણે છે એમ નથી થતું પણ જીભ દ્વારા હું રસને જાણું છું એમ થાય

છે, તે એમ સૂચવે છે કે રસને જાણનારો જીભથી જુદો છે.

કાન શબ્દો સાંભળે છે એમ નથી થતું પણ કાનદ્વારા હું શબ્દ સાંભળું છું એમ થાય છે, તે એમ સૂચવે છે કે શબ્દોને જાણનારો કાનથી જુદો છે.

આ પ્રમાણે પાંચે ઇન્દ્રિયોથી આત્મા જુદો છે; ઇન્દ્રિયોમાં કાંઈ જાણવાનો સ્વભાવ નથી, આત્મામાં જ જાણવાનો સ્વભાવ છે; અને તે પણ ઇન્દ્રિયોવડે જાણે એવો સ્વભાવ નથી પણ પોતાના જ્ઞાનસ્વભાવથી જ જાણવાનો સ્વભાવ છે.

卐

## ( ૧૭૯ ) આત્માના અવયવ

આત્માના ગુણ–પર્યાયો તે આત્માના અવયવ છે. આત્માને અવયવ હોય ? હા; જડ ઈન્દ્રિયો તે ખરેખર આત્માના અવયવ નથી, પણ જ્ઞાન–દર્શન–સુખ વગેરે ગુણો તે જ આત્માના ખરા અવયવ છે. અવયવ એટલે અંશીનો અંશ; જડ ઇન્દ્રિયો તે કાંઈ આત્માના અંશો નથી, એટલે તે આત્માના અવયવો નથી ને તેના વડે આત્મા કાંઈ કાર્ય કરતો નથી. અનંતગુણનો પિંડ આત્મા તે અવયવી, ને તેના અનંતગુણાંશો તે તેના અવયવ. અથવા મતિ–શ્રુતજ્ઞાન તે આત્માના અવયવ છે, તે અવયવ દ્વારા સ્વસંવેદનથી આખો અવયવી આત્મા જણાય છે. જેમ માણસ પોતાના હાથ વગેરે અવયવોથી પોતાનું કામ કરે છે, તેમ મતિ–શ્રુતજ્ઞાન તે આત્માના હાથ છે, તે મતિ–શ્રુતજ્ઞાનરૂપી પોતાના અવયવ વડે આત્મા પોતાના સ્વસંવેદનનું કામ કરે છે. પણ જે આત્માના અવયવો નથી એવી ઇન્દ્રિયાદિવડે આત્મા જણાતો નથી. અસંખ્ય પ્રદેશ અપેક્ષાએ પણ આત્માના અસંખ્ય અવયવ છે.

卐

## ( ૧૮૦ ) નય

નયોના આમ તો અનંત પ્રકારો છે, પણ ભિન્ન ભિન્ન અનંત પ્રકારના નયોનું જ્ઞાન સાધકને થઈ શકે નહિ; સંક્ષેપમાં શુદ્ધનય અને અશુદ્ધનય એ બે નયોદ્વારા પણ વસ્તુસ્વરૂપ જાણીને સાધક પોતાનું પ્રયોજન સાધી શકે છે, પરદ્રવ્યોથી તેમજ પરભાવોથી ભિન્ન પોતાના શુદ્ધ આત્મસ્વભાવનો અનુભવ કરાવે તે શુદ્ધનય છે; પર્યાયની અશુદ્ધતાનું તેમજ પરના સંબંધનું જ્ઞાન કરાવે તે અશુદ્ધનય છે. આમ બંને નયોને જાણીને પોતાના શુદ્ધસ્વરૂપનું ગ્રહણ ને અશુદ્ધતાના ત્યાગ વડે તે નયજ્ઞ જીવ પોતાના સ્વાનુભવરૂપ પ્રયોજનને સાધે છે. ( અહીં શુદ્ધનય એટલે નિશ્ચયનય; અશુદ્ધનય એટલે વ્યવહારનય )

# સ્વાનુભવ જ્ઞાનનું વર્ણન

卐

**સમ્યગ્દ્રષ્ટિની નિર્વિકલ્પ સ્વાનુભૂતિનું વર્ણન, તેને આત્મપ્રતીતિનું સળંગપણું, તેના સ્વરૂપચિન્તનના પ્રકારો, એ સ્વરૂપચિંતનમાં ઊઠતા આનંદતરંગો વગેરેનું વર્ણન 'આત્મધર્મ'ના છેલ્લા બે અંકોમાં આપણે વાંચ્યું; તેમજ તે ધર્માત્માને અનુસરનારા મુમુક્ષુને પણ સ્વાનુભવ તરફ ઢળતી વિચારધારા કેવી હોય, તેનો પ્રયત્ન કેવો હોય તે પણ જોયું. હવે અહીં સાક્ષાત્ સ્વાનુભવ વખતના જ્ઞાનનું વર્ણન છે. સ્વાનુભવમાં મતિ-શ્રુતજ્ઞાન શું કાર્ય કરે છે ને તેની કેટલી તાકાત છે તે આ પ્રવચનમાં ગુરુદેવે સમજાવ્યું છે.**

卐

જિનાગમમાં જેવું આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું જાણીને, પોતાના પરિણામને તેમાં મગ્ન કરીને ધર્મીજીવ મતિશ્રુતજ્ઞાન વડે સ્વાનુભવ કરે છે. સામાન્યપણે મતિ–શ્રુતજ્ઞાનને પરોક્ષ વર્ણવ્યા છે, છતાં સ્વાનુભવના કાળમાં તેમાં અંશે અતીન્દ્રિયપણું થયું છે તે અપેક્ષાએ પ્રત્યક્ષપણું પણ છે.

પ્રત્યક્ષ–પરોક્ષની સામાન્ય વ્યાખ્યામાં, આત્માને જાણે તે પ્રત્યક્ષ ને પરને જાણે તે પરોક્ષ આવી વ્યાખ્યા નથી, કેમકે મતિ–શ્રુતજ્ઞાન આત્માને જાણે છે છતાં તેને પરોક્ષ ગણ્યા છે, ને અવધિ–મનઃપર્યયજ્ઞાન પરને જાણે છે છતાં તેને પ્રત્યક્ષ કહ્યા છે. જે જ્ઞાન સ્પષ્ટ હોય અને સીધું આત્માથી થાય તે જ્ઞાનને પ્રત્યક્ષ કહે છે; અને જે અસ્પષ્ટ હોય, જેમાં ઇન્દ્રિયાદિ પરનું કંઈક અવલંબન હોય તેને પરોક્ષ કહે છે. હવે મતિ–શ્રુતજ્ઞાન સ્વસન્મુખ થઈને જ્યારે સ્વાનુભવમાં વર્તે છે ત્યારે તેમાંથી ઇન્દ્રિય–મનનું જેટલું અવલંબન છૂટયું છે તેટલું તો પ્રત્યક્ષપણું છે, તેમાં જે સ્વાનુભવ થયો તે એકલા આત્માથી જ થયો છે, બીજા કોઇનું તેમાં અવલંબન નથી, અને તે સ્વાનુભવ સ્પષ્ટ છે, માટે તે પ્રત્યક્ષ છે. આ પ્રત્યક્ષપણું અધ્યાત્મદ્રષ્ટિવાળાને સમજાય તેવું છે. અહા, મતિ–શ્રુતજ્ઞાન ઇન્દ્રિય અને મન વગર જાણે ! .... ભાઈ, જાણવાનો સ્વભાવ તો આત્માનો છે ને ! આત્મા પોતે પોતાને મન અને ઇન્દ્રિય વગર જ જાણે છે. પ્રવચનસારની ૧૭૨ મી ગાથામાં 'અલિંગગ્રહણ' ના ૨૦ અર્થો કરતાં

આચાર્યદેવે સ્પષ્ટ કહ્યું છે કે આત્મા એકલા અનુમાન વડે કે એકલા ઇન્દ્રિય–મન વડે જણાતો નથી એટલે એકલા પરોક્ષ વડે જણાતો નથી, ઇન્દ્રિયજન્ય મતિ–શ્રુતજ્ઞાનને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહ્યું છે તે પરને જાણવાની અપેક્ષાએ, સ્વને જાણવામાં તો તે જ્ઞાન ઇન્દ્રિયાતીત સ્વાનુભવપ્રત્યક્ષ છે. આ સ્વાનુભવપ્રત્યક્ષપણું અધ્યાત્મશૈલીમાં છે, એટલે આગમની શૈલીમાં પ્રત્યક્ષ–પરોક્ષના જે ભેદો આવે તેમાં તેનું કથન ન આવે. સમયસારમાં કહે છે કે હું મારા સમસ્ત નિજવૈભવથી શુદ્ધાત્મા દેખાડું છું તે સ્વાનુભવપ્રત્યક્ષથી પ્રમાણ કરજો. હવે ત્યાં શ્રોતાઓ તો મતિ–શ્રુતજ્ઞાનવાળા જ છે ને તેમને જ મતિ–શ્રુતજ્ઞાન વડે સ્વાનુભવપ્રત્યક્ષ કરવાનું કહ્યું છે. જો સ્વાનુભવમાં મતિ–શ્રુત પ્રત્યક્ષ ન હોય તો આમ કેમ કહે?

ધર્માત્માએ આવો અનુભવ કરતાં પહેલાં આગમદ્વારા તથા અનુમાન વગેરે દ્વારા આત્માનું યથાર્થ સ્વરૂપ નક્કી કર્યું છે. પછી તેમાં પરિણામ લીન કરીને સ્વાનુભવ કરે છે.

આગમમાં, અરિહંતના આત્માનું ઉદાહરણ આપીને આત્માનો શુદ્ધ સ્વભાવ દેખાડયો છે. અરિહંતનો આત્મા દ્રવ્યથી–ગુણથી ને પર્યાયથી જેવો શુદ્ધ છે તેવો જ આ આત્માનો સ્વભાવ છે, અરિહંત જેવો સર્વજ્ઞસ્વભાવ આ આત્મામાં ભર્યો છે; અરિહંતના આત્મામાં શુભરાગ વગેરે વિકાર નથી તેમ શુભરાગ આ આત્માનો પણ સ્વભાવ નથી. આગમમાં શુભરાગને આત્માનો સ્વભાવ નથી કહ્યો પણ પરભાવ કહ્યો છે, તેને અનાત્મા અને આસ્રવ કહ્યો છે, એમ અનેક પ્રકારે આગમના જ્ઞાનથી આત્મસ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ. વળી અનુમાનના વિચારથી પણ વસ્તુસ્વરૂપ નક્કી કરે. જેમ કે–

હું આત્મા છું...મારામાં જ્ઞાન છે.

જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે, જેમકે સિદ્ધ ભગવાન.

જ્યાં જ્યાં આત્મા નથી ત્યાં ત્યાં જ્ઞાન પણ નથી. જેમકે અચેતન શરીર.

વળી, જ્યાં જ્યાં જ્ઞાન નથી ત્યાં ત્યાં આત્મા પણ નથી. અને

જ્યાં જ્યાં આત્મા છે ત્યાં ત્યાં જ્ઞાન પણ છે.

આ રીતે આત્માને અને જ્ઞાનને પરસ્પર વ્યાપ્તિપણું છે, એટલે એક હોય ત્યાં બીજું હોય જ, ને એક ન હોય ત્યાં બીજું પણ ન હોય, આવા પરસ્પર અવિનાભાવપણાને 'સમવ્યાપ્તિ' કહેવાય છે. 'શરીર હોય ત્યાં આત્મા હોય'–એમ સાચું અનુમાન થઈ શકતું નથી, કેમકે સિદ્ધભગવાનને શરીર ન હોવા છતાં આત્મા છે, અને મૃતકકલેવરમાં

શરીર હોવા છતાં આત્મા નથી; એટલે શરીરને અને જીવને વ્યાપ્તિ નથી. શરીર વગરનો આત્મા હોય પણ જ્ઞાન વગરનો આત્મા કદી ન હોય. માટે જ્ઞાન તે આત્માનું સ્વરૂપ છે પણ શરીર તો આત્માથી ભિન્ન છે. એ જ રીતે, શરીરની માફક રાગ–દ્વેષ વગરનો પણ આત્મા હોય છે, માટે રાગ–દ્વેષ પણ ખરેખર આત્માનું સ્વરૂપ નથી.–આમ અનેક પ્રકારે યુક્તિથી વિચારીને આત્માનું સ્વરૂપ નક્કી કરવું તેને અનુમાન કહેવાય છે.

હું આત્મા છું; કેમકે મારામાં જ્ઞાન છે ને હું જ્ઞાનથી જાણું છું.

શરીર તે આત્મા નથી; કેમકે તેનામાં જ્ઞાન નથી, તે કાંઈ જાણતું નથી.

આત્મા જ્ઞાનસ્વભાવી છે; કેમકે જ્ઞાન વગરનો આત્મા કદી હોતો નથી, તેમજ આત્મા સિવાય બીજે ક્યાંય જ્ઞાન કદી હોતું નથી.

શુદ્ધનયથી હું શુદ્ધ સિદ્ધસમાન છું; અશુદ્ધનયથી મારામાં અશુદ્ધતા પણ છે. શુદ્ધનયનો આશ્રય કરીને શુદ્ધાત્માનો અનુભવ કરતાં પર્યાયમાંથી અશુદ્ધતા ટળીને શુદ્ધતા પ્રગટે છે.

આ પ્રમાણે અનુમાન અને નય–પ્રમાણ વગેરેના વિચારો તત્ત્વનિર્ણયના કાળે હોય છે; પણ એકલા એ વિચારથી જ કાંઈ સ્વાનુભવ નથી થતો. વસ્તુસ્વરૂપ નક્કી કરીને પછી જ્યારે સ્વદ્રવ્યમાં પરિણામને એકાગ્ર કરે ત્યારે જ સ્વાનુભવ થાય છે. અને એ સ્વાનુભવના કાળે નય–પ્રમાણ વગેરેના વિચારો હોતા નથી. નય–પ્રમાણ વગેરેના વિચાર એ તો પરોક્ષ– જ્ઞાન છે, અને સ્વાનુભવ તો કથંચિત્ પ્રત્યક્ષ છે. પહેલાં અનુમાન વગેરે પરોક્ષ જ્ઞાનથી જે સ્વરૂપ જાણ્યું અને વિચારમાં લીધું તેમાં પરિણામ એકાગ્ર થતાં તે સ્વાનુભવ–પ્રત્યક્ષ થાય છે. આ સ્વાનુભવમાં પહેલાં કરતાં બીજું સ્વરૂપ જાણ્યું–એમ નથી, એટલે કે જ્ઞાનીને સ્વાનુભવમાં જાણપણાની અપેક્ષાએ વિશેષતા નથી પણ પરિણામની મગ્નતા છે–તે વિશેષતા છે.

આત્માના અનુભવનું સ્મરણ કરીને ફરી તેમાં પરિણામ લગાવે છે.–પણ આવું સ્મરણ કોને હોય ?–કે પહેલાં એકવાર જેણે અનુભવ વડે સ્વરૂપ જાણ્યું હોય, તેની ધારણા ટકાવી હોય તે ફરીને તેનું સ્મરણ કરે. 'પહેલાં આત્માનો અનુભવ થયો ત્યારે આવો આનંદ હતો....આવી શાંતિ હતી, આવું જ્ઞાન હતું....આવો વૈરાગ્યભાવ હતો....આવી એકાગ્રતા હતી....આવો પ્રયત્ન હતો....' એમ તેના સ્મરણ વડે ચિત્તને એકાગ્ર કરીને ધર્મી જીવ ફરીને તેમાં પોતાના પરિણામને જોડે છે. સ્વાનુભવ વખતે કાંઈ એવા સ્મરણ વગેરેના વિચારો નથી હોતા, પણ પહેલાં એવા વિચારો વડે ચિત્તને એકાગ્ર કરે છે, એટલે એવા પ્રકારના સ્મૃતિ–અનુમાન–આગમ વગેરે પૂર્વક ( –પછી તે વિચાર છૂટીને ) સ્વાનુભવ થાય છે. વિચાર વખતે

જે મતિ શ્રુતજ્ઞાન હતા તે જ મતિશ્રુતજ્ઞાન વિકલ્પ છૂટીને સ્વાનુભવમાં આવ્યા, એટલે સ્વાનુભવમાં મતિ–શ્રુતજ્ઞાન છે એમ અહીં બતાવવું છે. મતિ–શ્રુતજ્ઞાને આત્માનું જે સ્વરૂપ જાણ્યું તેમાં જ તે મગ્ન થાય છે; તેમાં જાણપણાની અપેક્ષાએ ફેર નથી પણ પરિણામની મગ્નતાની અપેક્ષાએ ફેર છે.

મતિ–શ્રુતજ્ઞાન જ્યારે અંતરમાં ઉપયોગ મુકીને સ્વાનુભવ કરે છે ત્યારે તે નિર્વિકલ્પ દશામાં કોઈ અપૂર્વ આનંદ અનુભવાય છે. જાણપણા અપેક્ષાએ ભલે ત્યાં વિશેષતા ન હોય પણ આનંદનો અનુભવ વગેરે અપેક્ષાએ તેમાં વિશેષતા છે. તે સંબંધી સ્પષ્ટીકરણ આ જ અંકના હવે પછીના લેખમાં વાંચશોજી.

## ધર્માત્માનો સંગ

ધર્મના જિજ્ઞાસુ આત્માર્થી જીવને, દુઃખપ્રસંગોથી ભરપૂર આ જગતમાં ધર્માત્માનો યોગ મહા શરણરૂપ છે; અને ધર્માત્માનો યોગ મળ્યા પછી ધર્માત્માની શીળી છાયામાં નિરંતર વસવાનો સુયોગ બનવો તે તો મુમુક્ષુને માટે મહા ભાગ્યની વાત છે. જેમ માબાપની હાજરીમાત્ર પણ બાળકને પ્રસન્નકારી ને હિતકારી છે તેમ ધર્માત્માનો યોગ મુમુક્ષુ જીવને પ્રસન્નકારી ને હિતકારી છે.

આત્માર્થી જીવ સદાય પોતાની નજરસમક્ષ ધર્માત્માને દેખીદેખીને પોતાના આત્માર્થનું પોષણ કરે છે....ને પોતાનું આખુંય જીવન ધર્માત્માના જીવનઅનુસાર કરવા ભાવના ભાવે છે....એટલે ધર્માત્માના આરાધકજીવનને ધ્યેયરૂપે રાખીને જ તે પોતાનું જીવન જીવે છે. અને જ્યારે ધર્માત્માની મી....ઠી.....નજર કે મધુરી વાણી તેના ઉપર વર્ષે છે ત્યારે તેનો આત્મા એવો આહ્લાદિત થાય છે કે જાણે સન્તોના અતીન્દ્રિય આનન્દની જ પ્રસાદી મળી હોય!

અહા, આવા ધર્માત્માઓ જગતમાં સદા જયવંત વર્તો...કે જેમના સંગથી સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિ તથા વૃદ્ધિ થાય છે.

# નિર્વિકલ્પ-અનુભવ
# વખતનો વિશિષ્ટ આનંદ

卐

**ધર્માત્માને સ્વાનુભવમાં જે આનંદ છે, અજ્ઞાનીને તેની કલ્પના આવી શકતી નથી. વિશ્વથી વિમુખ થઈને એક નિજાત્મામાં જ પરિણામ જ્યારે એકાગ્ર થાય છે ત્યારે બીજા જાણપણા અપેક્ષાએ વિશેષતા ભલે ન હોય પણ સ્વરૂપમાં તન્મય ઉપયોગથી કોઈ અચિંત્ય વચનાતીત આનંદ વેદાય છે; આત્માના સ્વાનુભવના આનંદની આ વાત મુમુક્ષુએ બરાબર સમજવા જેવી છે.**

**( પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી )**

પ્રશ્નઃ– જો સવિકલ્પ–નિર્વિકલ્પદશામાં જાણવાની વિશેષતા નથી તો અધિક આનંદ કઈ રીતે થાય છે?

**સમાધાનઃ-** સવિકલ્પદશા વખતે જ્ઞાન અનેક જ્ઞેયને જાણવારૂપ પ્રવર્તતું હતું, તે નિર્વિકલ્પદશામાં કેવળ આત્માને જ જાણવામાં પ્રવર્તે છે,–એક તો એ વિશેષતા છે; બીજી વિશેષતા એ છે કે જે પરિણામ વિવિધ વિકલ્પમાં પરિણમતા હતા તે કેવળ સ્વરૂપમાં જ તાદાત્મ્યરૂપ થઈ પ્રવર્ત્યા.–આ બીજી વિશેષતા થઈ. આવી વિશેષતા થતાં કોઈ વચનાતીત એવો અપૂર્વ આનંદ થાય છે કે જેના અંશની પણ જાત વિષયોના સેવનમાં નથી; તેથી તે આનંદને અતીન્દ્રિય કહીએ છીએ”

ધર્મીજીવ સવિકલ્પદશા વખતે આત્માનું જે સ્વરૂપ જાણતા હતા તે જ નિર્વિકલ્પદશા વખતે જાણે છે, નિર્વિકલ્પદશામાં કાંઈ વિશેષ પ્રકાર જાણ્યા–એવી વિશેષતા નથી, છતાં સવિકલ્પ કરતાં નિર્વિકલ્પદશાનો ઘણો મહિમા કરો છો તો તેનું શું કારણ? એમાં એવી કઈ વિશેષતા છે કે આટલો બધો સ્વાનુભવનો મહિમા શાસ્ત્રોએ ગાયો છે? તે અહીં

બતાવ્યું છે. ભાઈ, સ્વાનુભવ વખતે જ્ઞાનઉપયોગ પોતાના શુદ્ધઆત્માને જ સ્વજ્ઞેય કરીને તેમાં થંભી ગયો છે, પહેલાં ઉપયોગ બહારના અનેક જ્ઞેયોમાં ને વિકલ્પોમાં ભમતો, તે મટીને ઉપયોગ પોતાના સ્વરૂપને એકને જ જાણવામાં એકાગ્ર થયો. એક તો આ વિશેષતા થઈ; અને બીજી વિશેષતા એ થઈ કે, પહેલાં સવિકલ્પદશા વખતે અનેક પ્રકારના રાગદ્વેષ–શુભાશુભ પરિણામ થતા, સ્વાનુભવ વખતે શુદ્ધોપયોગ થતાં બુદ્ધિપૂર્વકના સમસ્ત રાગાદિ પરિણામો છૂટી ગયા. કેવળ નિજસ્વરૂપમાં જ તન્મય પરિણામ થયા. આવી વિશેષતાને લીધે સ્વાનુભવકાળમાં સિદ્ધભગવાન જેવો જે અતીન્દ્રિય સ્વાભાવિક આનંદ અનુભવાય છે તે વચનાતીત છે, જગતના કોઈ પદાર્થમાં એ સુખનો અંશ પણ નથી. ઈન્દ્રિયજનિત સુખો કરતાં આ સુખની જાત જ જુદી છે; આ તો આત્માજનિત સુખ છે, આત્માના સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલું છે. જોકે, જેટલી વીતરાગતા થઈ છે તેટલું આત્મિકસુખ તો સવિકલ્પદશા વખતેય ધર્મીને વર્તે છે, પરંતુ નિર્વિકલ્પદશા વખતે ઉપયોગ નિજસ્વરૂપમાં તન્મય થઈને જે અતીન્દ્રિય પરમ આનંદ વેદે છે તેની કોઈ ખાસ વિશેષતા છે. અહા, સ્વાનુભવનો આનંદ શું છે તેની કલ્પનાય અજ્ઞાનીને આવતી નથી. જેણે અતીન્દ્રિય ચૈતન્યને કદી જોયો નથી, જેણે ઇન્દ્રિયવિષયોમાં જ આનંદ માન્યો છે તેને સ્વાનુભવના અતીન્દ્રિય આનંદની ગંધ પણ ક્યાંથી હોય? અરે, આવા સ્વાનુભવની ચર્ચા પણ જીવને દુર્લભ છે. જેણે જ્ઞાનને બાહ્ય–ઇન્દ્રિય વિષયોમાં જ ભમાવ્યું છે, જ્ઞાનને અંદરમાં વાળીને અતીન્દ્રિય વસ્તુને કદી લક્ષગત કરી નથી તેને એ અતીન્દ્રિયવસ્તુના અતીન્દ્રિયસુખની કલ્પના પણ ક્યાંથી આવે! ‘ખાખરાની ખીસકોલી કેરીનો સ્વાદ ક્યાંથી જાણે?’ તેમ ઇન્દ્રિયજ્ઞાનમાં જ લુબ્ધ પ્રાણી અતીન્દ્રિયસુખના સ્વાદને ક્યાંથી જાણે? જ્ઞાનીએ ચૈતન્યના અતીન્દ્રિય સુખને જાણ્યું છે, એનો અપૂર્વ સ્વાદ ચાખ્યો છે, એ સુખ એને નિરંતર વર્તે છે; તે ઉપરાંત અહીં તો નિર્વિકલ્પદશામાં તેને આનંદની જે વિશેષતા છે તેની વાત છે.

શંકાઃ– અમે તો ગૃહસ્થ; ગૃહસ્થને આવી સ્વાનુભવની વાત કેમ સમજાય?

સમાધાનઃ ભાઈ, સ્વાનુભવની આ ચિઠ્ઠી લખનાર પોતે પણ ગૃહસ્થ જ હતા; અને જેમના ઉપર આ ચિઠ્ઠી લખેલી છે તેઓ પણ ગૃહસ્થો જ હતા; એટલે ગૃહસ્થોને સમજાય એવી આ વાત છે. આત્માનું સત્યજ્ઞાન તો ગૃહસ્થને પણ થઈ શકે છે. મુનિદશા જેવી સ્વરૂપસ્થિરતા ગૃહસ્થને ન હોય પરંતુ આત્માનું જ્ઞાન મુનિદશા જેવું જ ગૃહસ્થદશામાંય થઈ શકે છે. તેમાં કાંઈ ફેર પડતો નથી. અને આવું આત્મજ્ઞાન કરે તે જ ગૃહસ્થને ધન્ય કહ્યો છે; શ્રીકુંદકુંદસ્વામી તો કહે છે કે હે શ્રાવક! તું નિર્મળ સમ્યક્ત્વને

ગ્રહણ કરીને, નિરંતર એને જ ધ્યાનમાં ધ્યાવ. આવું સમ્યક્ત્વ ગૃહસ્થને થઈ શકે છે–તો જ એમ કહ્યુંને ? માટે સાચી જિજ્ઞાસા પ્રગટ કરીને સમજવા માંગે તેને સ્વભાવની વાત જરૂર સમજાય. આ સૂક્ષ્મ તો લાગે, પણ આ સમજવાથી જ આત્માનું કલ્યાણ છે, માટે આત્માના સમ્યક્ત્વની ને સ્વાનુભવની વાત બરાબર સમજવા જેવી છે.

પ્રશ્નઃ– આ સમજીને પછી શું કરવું ? ૨૪ કલાકનો કાર્યક્રમ શું ?

ઉત્તરઃ– ભાઈ, ધર્માત્માને ચોવીસે કલાકનો આ જ કાર્યક્રમ છે કે સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું સેવન કરવું, ને પરભાવનું સેવન છોડવું. ચોવીસે કલાકમાં ક્ષણેક્ષણે ધર્માત્મા આ સ્વભાવસેવનનું કાર્ય કરી રહ્યા છે. અને અજ્ઞાની ચોવીસે કલાકમાં ક્ષણેક્ષણે પરભાવના સેવનનું કાર્ય કરી રહ્યો છે. બહારનાં કામ તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ એક ક્ષણ પણ કરતું નથી.

સમ્યગ્દર્શન થયા પછી ધર્મીને ઉપયોગ ક્યારેક સ્વમાં હોય છે ને ક્યારેક પરમાં હોય છે; એકધારો સ્વમાં ઉપયોગ રહેતો નથી, પરંતુ સમ્યક્ત્વ એકધારૂં રહે છે. તે સમ્યક્ત્વ સ્વઉપયોગ વખતે પ્રત્યક્ષ ને પરઉપયોગ વખતે પરોક્ષ–એવા ભેદ તેમાં નથી; અથવા સ્વાનુભવ વખતે તે ઉપયોગરૂપ, ને પર તરફ લક્ષ વખતે તે લબ્ધરૂપ–એવા ભેદ પણ સમ્યક્ત્વમાં નથી. સમ્યક્ત્વમાં તો ક્ષાયોપશમિક વગેરે પ્રકારો છે, ને તે સવિકલ્પદશા વખતે પણ હોય છે. સમ્યગ્દર્શન થયું તેટલી શુદ્ધપરિણતિ તો શુભઅશુભ વખતેય ધર્મીને વર્તે જ છે.

સમ્યગ્દર્શન થાય એટલે તે જીવ સદાય નિર્વિકલ્પ–અનુભૂતિમાં જ રહે–એવું નથી. તેને શુદ્ધાત્મપ્રતીત સદાય રહે પણ અનુભૂતિ તો ક્યારેક હોય. મુનિનેય નિર્વિકલ્પઅનુભૂતિ સળંગ નથી રહેતી, સળંગ બેઘડી નિર્વિકલ્પ રહે તો કેવળજ્ઞાન થઈ જાય.

સ્વાનુભૂતિ તે જ્ઞાનની સ્વઉપયોગરૂપ પર્યાય છે; સમ્યગ્દર્શનને તે ઉપયોગરૂપ સ્વાનુભૂતિ સાથે વિષમવ્યાપ્તિ છે, એટલે કે એક પક્ષ તરફની વ્યાપ્તિ છે. જેમ કેવળદર્શન અને કેવળજ્ઞાનને, અથવા તો આત્માને અને જ્ઞાનને, તો સમવ્યાપ્તિ છે– એટલે કે જ્યાં બેમાંથી એક હોય ત્યાં બીજું પણ હોય જ; અને એક ન હોય ત્યાં બીજું પણ ન જ હોય.–એમ બંનેને પરસ્પર અવિનાભાવીપણું છે, એને સમવ્યાપ્તિ કહે છે. પણ સમ્યગ્દર્શનને અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિને એવું સમવ્યાપ્તિપણું નથી, પણ વિષમવ્યાપ્તિ ( એક પક્ષ તરફનું અવિનાભાવપણું ) છે; એટલે કે–

∗ જ્યાં નિર્વિકલ્પઅનુભૂતિ હોય ત્યાં સમ્યગ્દર્શન હોય જ.–અને જ્યાં સમ્યગ્દર્શન ન હોય ત્યાં અનુભૂતિ ન જ હોય;–આવો નિયમ છે. પરંતુ–

∗ જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં અનુભૂતિ સદા હોય જ, અને જ્યાં અનુભૂતિ ન હોય ત્યાં સમ્યગ્દર્શન ન જ હોય,–એવો કોઈ નિયમ નથી.

∗જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં નિર્વિકલ્પસ્વાનુભૂતિ વર્તતી હોય કે ન પણ વર્તતી હોય, અને જ્યાં નિર્વિકલ્પસ્વાનુભૂતિ ન હોય ત્યાં સમ્યક્ત્વ ન હોય અથવા હોય પણ ખરૂં.

∗ સમ્યગ્દર્શન પ્રગટવાના કાળે તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોય જ એ નિયમ છે. ત્યાર પછીના કાળે સમકિતીને તે અનુભૂતિ કોઈવાર હોય, કોઈવાર ન પણ હોય, પણ શુદ્ધાત્મપ્રતીત તો સદૈવ હોય જ. જ્યારે ઉપયોગને અંદર થંભાવીને નિર્વિકલ્પ સ્વાનુભવમાં પરિણામને મગ્ન કરે ત્યારે તેને કોઈ વિશિષ્ટ આનંદનું વેદન થાય છે.

સાધકને આ સ્વાનુભવમાં મતિ–શ્રુતજ્ઞાન છે : તે અપેક્ષાએ તેને ભલે પરોક્ષ કહ્યો, પરંતુ સ્વાનુભવના આનંદનું વેદન તો મતિ–શ્રુતજ્ઞાનીને પણ કેવળજ્ઞાની જેવું સાક્ષાત્ છે; આનંદનું વેદન કાંઈ પરોક્ષ નથી, માટે સ્વાનુભવને પ્રત્યક્ષ કહ્યો છે. જેમ અંધમનુષ્ય સાકરના રંગ વગેરેને નજરે નથી દેખતો તે અપેક્ષાએ તેને સાકર પરોક્ષ છે પરંતુ મોઢામાં જે મીઠો સ્વાદ તેને વેદાય છે તે સ્વાદ કાંઈ તેને પરોક્ષ નથી, તે તો જેવો દેખતા માણસને સ્વાદ આવે તેવો જ સ્વાદ આંધળાને આવે છે, તે સ્વાદની જાતમાં કાંઈ ફેર નથી, ને સ્વાદનું વેદન કાંઈ પરોક્ષ નથી. તેમ મતિ–શ્રુતજ્ઞાની અસંખ્ય આત્મપ્રદેશ વગેરેને કેવળીપ્રભુની જેમ પ્રત્યક્ષ ભલે ન દેખે, તે અપેક્ષાએ તેને આત્મા પરોક્ષ છે, પરંતુ સ્વાનુભવમાં આત્માના આનંદનો જે અતીન્દ્રિયસ્વાદ મતિ–શ્રુતજ્ઞાનીને ચોથા ગુણસ્થાને આવે છે તે તો પોતે સાક્ષાત્ વેદે છે; પ્રત્યક્ષજ્ઞાની જેવો આનંદ વેદે છે તેવો જ આનંદ સ્વાનુભવમાં મતિશ્રુતજ્ઞાની વેદે છે. તેમાં વધારે–ઓછાપણું ભલે હો પણ આનંદના વેદનની જાતમાં કાંઈ ફેર નથી, ને એ આનંદનું વેદન કાંઈ પરોક્ષ નથી. માટે સ્વાનુભવને પ્રત્યક્ષ કહીએ છીએ.

∗ નિર્વિકલ્પ સ્વાનુભવને પ્રત્યક્ષ કહ્યો તથા તેમાં આનંદની ખાસ વિશેષતા કહી, આમ તેનો ઘણો મહિમા કર્યો. તો આવો સ્વાનુભવ ક્યા ગુણસ્થાને થાય? કોઈ મોટા મુનિઓને જ આવો સ્વાનુભવ થતો હશે, કે ગૃહસ્થનેય થતો હશે? એવા પ્રશ્ન ઊઠે તો તેના સમાધાન માટે આગામી અંક વાંચશોજી.

# ત...ત્ત્વ...ચ...ર્ચા

(૪)

**તત્ત્વરસિક જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ; પૂ. ગુરુદેવ પાસે તત્ત્વચર્ચામાં થયેલ પ્રશ્નોત્તરમાંથી તેમજ શાસ્ત્રોમાંથી આ વિભાગ તૈયાર કરવામાં આવે છે. હવેથી આ વિભાગમાં નિયમિતપણે દશ-પ્રશ્ન-દશ ઉત્તર આપવામાં આવશે.**

**(૪૧) પ્રશ્નઃ-** અસંખ્ય પ્રકારના પરભાવો–તે બધાયથી બચવા શું કરવું? એક પરભાવથી બચીએ ત્યાં બીજો પરભાવ ઘૂસી જાય છે,–તો શું કરવું?

ઉત્તરઃ– સ્વભાવમાં પ્રવેશ કરતાં બધાય પરભાવો એક સાથે છૂટી જાય છે. આ આત્મા એવો ચૈતન્યતેજનો પૂંજ છે કે એનું સ્ફુરણમાત્ર જ સમસ્ત પરભાવોની ઇન્દ્રજાળને (વિકલ્પતરંગોને) તત્ક્ષણ ભગાડી મૂકે છે. સ્વભાવના દરબારમાં પરભાવનો પ્રવેશ નથી. સ્વભાવમાં આવ્યા વિના, પરભાવના લક્ષે પરભાવોથી બચી શકાય નહિ એટલે, એક સાથે સમસ્ત પરભાવોથી બચવાનો ઉપાય એ છે કે ત્યાંથી ઉપયોગને પાછો વાળીને સ્વભાવમાં ઉપયોગ મૂકવો.

*

**(૪૨) પ્રશ્નઃ-** સાચો મોક્ષમાર્ગ ક્યારે શરૂ થાય?

ઉત્તરઃ– સમ્યગ્દર્શન થાય ને સ્વાનુભવની કણિકા જાગે ત્યારે જ મોક્ષમાર્ગ સાચો; એના વિના મોક્ષમાર્ગ ખોટો, એટલે કે મોક્ષમાર્ગ નહિ. અંતરદ્રષ્ટિ વગર અજ્ઞાની શુભરાગ કરે અને તે વ્યવહારરત્નત્રયાદિના શુભરાગને જ મોક્ષમાર્ગ માની લ્યે, પણ એ કાંઈ મોક્ષમાર્ગ નથી, એ તો માત્ર ભ્રમ છે. અરે! સમ્યગ્દર્શન અને સ્વાનુભવ વગર, એકલા શુભરાગને મોક્ષમાર્ગ માનવો તે તો વીતરાગ જૈનધર્મની વિરાધના છે. જિનભગવાનને એવો મોક્ષમાર્ગ કહ્યો નથી. જિનભગવાને તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને

મોક્ષમાર્ગ કહ્યો છે–કે જે સ્વાનુભવપૂર્વક જ હોય છે, તેની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે.

**( ૪૩ ) પ્રશ્નઃ-** મોક્ષનો રાજમાર્ગ કેવો છે ?

ઉત્તરઃ– જેમ રાજમાર્ગની સીધી સડકમાં વચ્ચે કાંટા–કાંકરા ન હોય, તેમ મોક્ષનો આ સીધો–સ્પષ્ટ રાજમાર્ગ સ્વાનુભવરૂપ છે, તેમાં વચ્ચે રાગની રુચિરૂપ કાંટા–કાંકરા નથી. ( મિથ્યાત્વાદિ શલ્ય કે રાગરૂપ કાંકરા નથી ) સંતોએ શુદ્ધપરિણતિરૂપ રાજમાર્ગે મોક્ષને સાધ્યો છે, ને એ જ માર્ગ જગતને દર્શાવ્યો છે.

*

**( ૪૪ ) પ્રશ્નઃ-** આ રાજમાર્ગ છે તો બીજો કેડીમાર્ગ હશે ને ?

ઉત્તરઃ– કેડીમાર્ગ તે કાંઈ રાજમાર્ગથી વિરુદ્ધ તો ન જ હોય. રાજમાર્ગ જતો હોય પૂર્વ તરફ ને કેડિમાર્ગ જાય પશ્ચિમમાં એવું તો ન બને, ભલે કેડિમાર્ગ હોય પણ તેની દિશા તો રાજમાર્ગ તરફની જ હોય. તેમ સમ્યગ્દર્શન–જ્ઞાન ઉપરાંત શુદ્ધોપયોગી ચારિત્રદશા તે તો મોક્ષનો સીધો–રાજમાર્ગ છે; અને એવી ચારિત્રદશા વગરના જે સમ્યગ્દર્શન–જ્ઞાન છે તે હજી અપૂર્ણ–મોક્ષમાર્ગ હોવાથી તેને કેડિમાર્ગ કહેવાય, તે એકાદ બે ભવમાં મોક્ષમાર્ગ પૂરો કરીને મોક્ષને સાધશે. પૂરો મોક્ષમાર્ગ કે અધૂરો મોક્ષમાર્ગ–પણ એ બંનેની દિશા તો સ્વભાવ તરફની જ છે, રાગ તરફની એક્કેયની દિશા નથી. રાગાદિ ભાવો તો મોક્ષમાર્ગરૂપી વિપરીત છે એટલે કે બંધમાર્ગ છે. એ બંધમાર્ગની કેડિએ કાંઈ મોક્ષમાં ન પહોંચાય.

*

**( ૪૫ ) વિગ્રહગતિ એટલે શું ?** વિગ્રહગતિમાં ક્યો ઉપયોગ હોય ?

ઉત્તરઃ– મૃત્યુ થતાં એક ગતિમાંથી બીજી ગતિમાં શરીરધારણ કરવા માટે જીવનું ગમન થાય તેને વિગ્રહગતિ કહે છે. વિગ્રહ એટલે શરીર, તેને ગ્રહણ કરવા માટેની ગતિ તે વિગ્રહગતિ છે. વિગ્રહગતિનો વધુમાં વધુ કાળ ત્રણ સમય છે. વિગ્રહગતિ વખતે જ્ઞાનનો કે દર્શનનો એક્કેય ઉપયોગ હોતો નથી, ત્યાં માત્ર લબ્ધરૂપ હોય છે.

*

**( ૪૬ ) પ્રશ્નઃ-** વિગ્રહગતિ વખતે રસ્તામાં ક્યા ક્યા ગુણસ્થાન ને કયા કયા જ્ઞાન સંભવે ?

**ઉત્તરઃ-** વિગ્રહગતિ વખતે રસ્તામાં ચોથું, બીજું અથવા પહેલું ગુણસ્થાન સંભવે; ત્રીજા ગુણસ્થાને કોઈ જીવને મરણ નથી એટલે રસ્તામાં તે ગુણસ્થાન હોય નહિ. વિગ્રહગતિમાં અજ્ઞાનીને કુમતિ–કુશ્રુત એ બે અને જ્ઞાનીને સમ્યક્મતિ–શ્રુત–અવધિ એ ત્રણ જ્ઞાન સંભવે છે;–પણ તે લબ્ધરૂપ હોય, ઉપયોગરૂપ ન હોય.

**( ૪૭ ) પ્રશ્નઃ-** દ્રવ્યસ્વભાવમાં વિકાર નથી, તો વિકારનો કર્તા કોણ ?

ઉત્તરઃ– જે ક્ષણિકપર્યાય વિકારી થાય છે તે પર્યાયધર્મ જ વિકારનો કર્તા છે; તે પર્યાયધર્મ ક્ષણિક હોવાથી ટળી શકે છે. દ્રવ્યધર્મને એટલે કે દ્રવ્યસ્વભાવને જોતાં આત્મામાં વિકારનું કર્તૃત્વ નથી. તે સ્વભાવ તરફ વળેલી પર્યાયમાંથી પણ વિકારનું કર્તૃત્વ છૂટી ગયું છે.

*

**( ૪૮ ) પ્રશ્નઃ-** વિકાર 'કર્મના લક્ષે' થાય છે એમ ઘણીવાર કહેવાય છે, પરંતુ સૂક્ષ્મકર્મ તો કાંઈ સામાન્ય જીવોને દેખાતું નથી, તો તેના લક્ષે વિકાર થયાનું કેમ કહ્યું ?

ઉત્તરઃ– સ્વભાવના લક્ષે વિકાર નથી થતો–એમ સમજાવવા તે વાત કરી છે. તેમાં 'કર્મના લક્ષે' એટલે 'કર્મના નિમિત્તે' એમ અર્થ સમજવો. સ્વસન્મુખ ઉપયોગથી વિકાર ન થાય, વિકાર બહારના જ આશ્રયે થાય; માટે વિકાર કર્મના લક્ષે કહ્યો; કેમકે બીજી બાહ્યવસ્તુ તો વિકાર વખતે નિમિત્ત હો કે ન હો, પણ કર્મ તો સદાય નિયમથી નિમિત્તરૂપ હોય જ છે. ભલે અજ્ઞાનીને કર્મ ખ્યાલમાં ન આવે પણ વિકારમાં તેને નિમિત્તપણે તે હોય જ છે. તે એમ પ્રસિદ્ધ કરે છે કે વિકાર સ્વભાવરૂપ ભાવ નથી પણ વિભાવરૂપ છે. કષાય તે જીવનો સ્વભાવ નથી–એ બાબત ષટ્ખંડાગમ પુસ્તક પાંચ, પૃ. ૨૨૩માં સરસ યુક્તિથી સમજાવી છે.

**( ૪૯ ) પ્રશ્નઃ-** એક સમયની પર્યાયનો બીજા સમયે વ્યય થાય છે, વ્યય થવો એટલે શું ?

ઉત્તરઃ– પર્યાયનો સ્વભાવ એવો છે કે તેનું અસ્તિત્વ એક સમય જ રહે, પછીના સમયે તેનું અસ્તિત્વ ન રહે; એનું નામ વ્યય છે. દ્રવ્ય ત્રિકાળ છે, પર્યાય એક સમયપૂરતી છે, એટલે દ્રવ્યથી જોતાં વસ્તુ નિત્ય દેખાય છે ને પર્યાયથી જોતાં વસ્તુ અનિત્ય દેખાય છે; આમ વસ્તુ અનેકાન્તસ્વરૂપ છે.

**( ૫૦ ) પ્રશ્નઃ- સમ્યગ્દર્શનને સિદ્ધિનું મૂળ કેમ કહ્યું ? ચારિત્રને કેમ ન કહ્યું ?**

ઉત્તરઃ– ચારિત્રનો તો અપાર મહિમા છે, તે તો મોક્ષનું સાક્ષાત્ કારણ છે. તે દશા તો ઘણી વીતરાગી ને મહા આનંદરૂપ છે. પણ, જેને સમ્યગ્દર્શન હોય તેને જ આવી ચારિત્રદશા પ્રગટે છે. પહેલાં આખાય આત્મસ્વભાવનો સ્વીકાર સમ્યગ્દર્શનવડે થાય છે; સમ્યગ્દર્શનવડે આત્મસ્વભાવનો સ્વીકાર કર્યા પછી જ તેમાં લીનતારૂપ ચારિત્રદશા હોય છે; માટે સમ્યગ્દર્શનને સિદ્ધિનું મૂળ કહ્યું છે. 'चरितं खलु धम्मो' એટલે કે ચારિત્ર તે સાક્ષાત્ ધર્મ છે, પણ સાથે સાથે 'दंसणमूलो धम्मो' એટલે તે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે,–એ પણ ન ભૂલવું જોઈએ. આ બંને વચન કુંદકુંદસ્વામીનાં જ છે. મૂળમાં સમ્યગ્દર્શન ન હોય ત્યાં ચારિત્રની શાખા ફૂટતી નથી ને મોક્ષફળ પાકતાં નથી, માટે સમ્યગ્દર્શન મોક્ષનું મૂળ છે. અને સમ્યગ્દર્શન પછી જ્યારે શુદ્ધોપયોગરૂપ ચારિત્રદશા પ્રગટ કરે ત્યારે જ મુનિપણું ને મોક્ષદશા પ્રગટે છે–માટે ચારિત્ર તે સાક્ષાત્ ધર્મ છે. આમ સમ્યક્ ચારિત્ર ને સમ્યગ્દર્શન બંનેનો મહિમા સમજીને ભક્તિપૂર્વક તેની આરાધનાનો ઉદ્યમ કરવો.

( આ અંકની તત્ત્વચર્ચા પૂરી ) जयजिनेन्द्र

❈ ❈ ❈

**આનંદનો માર્ગ પણ આનંદરૂપ છે. મોક્ષ ને પરમ આનંદધામ છે ને તેનો માર્ગ પણ આનંદધામમાં જ છે. રાગ તો આકુળતાનું ધામ છે, તે કાંઈ આનંદનું ધામ નથી, તેથી તેમાં મોક્ષમાર્ગ નથી. જેમ મોક્ષ આનંદસ્વરૂપ છે તેમ તેનો માર્ગ પણ આનંદસ્વરૂપ છે, એમાં આકુળતાનું સ્થાન નથી, એમાં રાગનું સ્થાન નથી. રાગ રાગમાં છે પણ મોક્ષ માર્ગમાં નથી. જે ભાવ મોક્ષમાર્ગરૂપ છે તેમાં રાગનો અભાવ છે. રાગ તે આનંદદાતા નથી, પણ દુઃખદાતા છે; મોક્ષમાર્ગ તો આનંદદાતા છે, તે દુઃખદાતા નથી.**

## જરા ઈસકો ભી પઢિયે જી !

આત્મધર્મ.....સર્વે જિજ્ઞાસુઓનું પ્રિય માસિક....
આત્મધર્મ....ગુરુદેવનો સંદેશ ઘરઘર પહોંચાડતું માસિક...
આત્મધર્મ....શુદ્ધ અધ્યાત્મની પ્રેરણા આપતું માસિક...
આત્મધર્મ....આત્માર્થિતાને પોષતું અધ્યાત્મ માસિક...
આત્મધર્મ....વાત્સલ્યભાવનાને વિસ્તારતું માસિક....
આત્મધર્મ....દેવગુરુધર્મની સેવાને અપનાવતું માસિક...

**આવું આત્મધર્મ માસિક ૨૨ વર્ષથી આપ નિયમિત વાંચો છો? આવતા અંકે આત્મધર્મનું ૨૨ મું વર્ષ પૂર્ણ થશે ને ત્યાર પછીના અંકે ૨૩મા વર્ષનો પ્રારંભ થશે.**

**બધા ગ્રાહકોનું લવાજમ આવતા અંકે પૂરૂં થશે તો....નવા વર્ષનું લવાજમ રૂા. ચાર વેલાસર ભરીને વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી.**

**-શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

## વૈરાગ્ય સમાચારઃ

અમદાવાદના મોંઘીબેન જીવરાજ શાહ અષાઢ વદ ૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને ગુરુદેવ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો, બંને યાત્રામાં તેઓ સાથે હતા; સોનગઢ પણ અવારનવાર આવતા; દેવ–ગુરુના શરણે ધર્મસંસ્કારમાં આગળ વધીને તેઓ આત્મહિત સાધે એ જ ભાવના.

# આરાધનાની ભાવના

ધન્ય છે તે સન્તોને...કે જેમનું જીવન રત્નત્રયની આરાધનામાં સદા તત્પર છે. એવા સંતોને નમસ્કાર કરીને ઉત્તમક્ષમાદિ દશધર્મોની આરાધનાની ભાવના ભાવીએ છીએ–

(૧) નિંદા, ઉપસર્ગ વગેરે ક્રોધના બાહ્યપ્રસંગો ઉપસ્થિત થવા છતાં, આત્મસ્વરૂપની દ્રઢ ભાવનાના બળે ક્રોધની ઉત્પત્તિ થવા ન દઉં ને વીતરાગી ક્ષમાભાવવડે રત્નત્રયની આરાધનામાં નિશ્ચલ રહું.–એ રીતે ઉત્તમ ક્ષમાધર્મને આરાધું.

(૨) ભેદજ્ઞાનવડે જગતથી ભિન્ન આત્મતત્ત્વને જાણીને તેની આરાધનામાં તત્પર રહું ને દેહાદિ પરનો ગર્વ થવા ન દઉં. પંચપરમેષ્ઠી પાસે મારી અત્યંત દીનતા જાણીને નિર્માન રહું ને ધર્માત્મા–ગુણીજનો પ્રત્યે પરમ વિનયથી વર્તું.–એ રીતે ઉત્તમ માર્દવધર્મને આરાધું.

(૩) નિર્દોષ સ્વરૂપની ભાવનામાં વર્તતો થકો, અત્યંત સરળપણે નિજદોષોનું અવલોકન કરું ને સંતગુરુના શરણમાં તેને છેદવાનો ઉદ્યમ કરું.–એ રીતે ઉત્તમ આર્જવધર્મને આરાધું.

(૪) ભેદજ્ઞાનવડે જગતને અને દેહને ભિન્ન જાણીને સર્વત્ર નિર્લોભ બનું, શુદ્ધસ્વરૂપની આરાધના વડે પવિત્ર પરિણામ પ્રગટ કરીને, ઉત્તમ શૌચધર્મની આરાધના કરું.

(૫) તત્ત્વથી વિરુદ્ધ એવા અસત્યને છોડીને, સમ્યગ્જ્ઞાન વડે સત્ય વસ્તુસ્વભાવની આરાધના કરું, અને વાણીથી પણ સમ્યગ્જ્ઞાનના હેતુભૂત એવા વીતરાગી સત્યનું જ પ્રતિપાદન કરું.–એ રીતે ઉત્તમ સત્યધર્મને આરાધું.

(૬) નિજસ્વરૂપમાં ઉપયોગને એવો લીન કરું કે ગમે તેવા પ્રસંગે પણ સંયમથી ન ડગે, ને વિષય–કષાયરૂપ અસંયમપ્રવૃત્તિ ન થાય. આવા ઉત્તમ સંયમધર્મની આરાધના કરું.


(૭) બાહુબલિ મુનિરાજ, પાંડવ મુનિરાજ વગેરેની જેમ ચૈતન્યધ્યાનનું પ્રતપન કરીને ઉત્તમ તપધર્મને આરાધું; ઉપસર્ગોમાં પણ ડગું નહિ.

(૮) ભેદજ્ઞાનના બળે, સર્વત્ર મમત્વના ત્યાગવડે ચૈતન્યમાં લીન થાઉં; મુનિવરોને ભક્તિથી દાન દઉં, સાધર્મીઓને આદરપૂર્વક શાસ્ત્રદાનાદિ દઉં,–એ રીતે ઉત્તમ ત્યાગધર્મને આરાધું.

(૯) મારા શુદ્ધ આત્મા સિવાય અન્ય કિંચિત માત્ર પણ મારું નથી–એવી અકિંચનભાવનામાં પરિણમીને ઉત્તમ આકિંચન્યધર્મને આરાધું.

(૧૦) બ્રહ્મસ્વરૂપ મારો આત્મા તેમાં લીન થઇને, અને જગતના સમસ્ત વિષયોથી ઉદાસીન થઇને, ભગવાન મહાવીર, શેઠ સુદર્શન વગેરે મહાપુરુષોની જેમ ઉત્તમ બ્રહ્મચર્યધર્મની આરાધના કરું.

આ રીતે રત્નત્રયસંયુક્ત એવા આ ઉત્તમ દશધર્મોની પરિપૂર્ણ ઉપાસનામાં આત્માને જોડવો અને એના આરાધક સન્તો પ્રત્યે પરમ વિનય–બહુમાનથી વર્તવું, એ જ સાચી 'પર્યુષણા' છે. હે જીવ! તું સર્વ ઉદ્યમથી તારા આત્માને આવી આરાધનામાં જોડ–ને સંસારથી મુખ મોડ.




**સમ્યક્ત્વ-દર્શન-જ્ઞાન-ચારિત્ર સદા ચાહું ભાવસોં, દસલક્ષણી મૈં ધર્મ ચાહૂં મહા હર્ષ ઉછાવસોં; મૈં સાધુજનકે સંગચાહું, પ્રીતિ મનવચકાયજી, આરાધના ઉત્તમ સદાચાહૂં સુનો જિનરાયજી**

# સોળકારણભાવના

**ષોડશકારણ ગુણ કરે, હરે ચતુરગતિવાસ;**
**પાપ-પુણ્ય સબ નાશકે, જ્ઞાનભાનપરકાશ.**

(૧) દરશવિશુદ્ધિ ધરે જો કોઈ, તાકો આવાગમન ન હોઈ;
(૨) વિનય મહા ધારે જો પ્રાણી, શિવવનિતાકી સખી વખાણી.
(૩) શીલ સદા દિઢ જો નર પાલે. સો ઔરનકી આપદ ટાલેં;
(૪) જ્ઞાનાભ્યાસ કરે મનમાંહી, તાકે મોહ મહાતમ નાંહી.
(૫) જો સવેગ ભાવ વિસ્તારે, સ્વર્ગ–મુક્તિપદ આપ નીહારે;
(૬) દાન દેય મન હરખ વિશેષે, ઈહ ભવ જશ પરભવ સુખ દેખે.
(૭) જો તપ તપે ખપે અભિલાષા, ચૂરે કરમશિખર ગુરુ ભાષા;
(૮) સાધુસમાધિ સદા મન લાવે, તિહું જગ ભોગ ભોગી શિવ જાવે.
(૯) નિશદિન વૈયાવૃત્ય કરૈયા, સો નિશ્ચૈ ભવનીર તિરૈયા;
(૧૦) જો અરહંતભક્તિ મન આને, સો જન વિષયકષાય ન જાને.
(૧૧) જો આચારજભક્તિ કરે હૈ, સો નિર્મલ આચાર ધરે હૈ;
(૧૨) બહુશ્રુતવન્તભક્તિ જો કરે, સો નર સંપૂરન શ્રુત ધરે.
(૧૩) પ્રવચનભક્તિ કરે જો જ્ઞાતા, લહે જ્ઞાન પરમાનન્દ દાતા;
(૧૪) ષટ આવશ્યક કાલ જો સાધે, સો હી રત્નત્રય આરાધે.
(૧૫) ધર્મપ્રભાવ કરે જો જ્ઞાની, તિન શિવમારગ રીતિ પિછાની;
(૧૬) વત્સલ અંગ સદા જો ધ્યાવે, સો તીર્થંકર પદવી પાવે.

**ત્રિકાળવર્તી તીર્થંકર ભગવંતોને નમસ્કાર હો.**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને**
**મુદ્રકઃ અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.**